**સુવિચાર**

માણસનાં મનમાં સંતોષની લાગણીને સ્વર્ગ પ્રાપ્તિ કરતાં પણ અધિક મહત્વની ગણવામાં આવી છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૧૧/૦૬/૨૦૨૩, રવિવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૧૫૨

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં વરદ્‌હસ્તે ઈ-લોકાર્પણ કાર્યક્રમ સંપન્ન

# અમરેલી ખાતે સિટી સિવિક સેન્ટરનો દબદબાભેર પ્રારંભ

**વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિ**

**શહેરીજનોને મિલ્કત વેરો, વ્યવસાયિક કર સહિતની વિવિધ સેવાઓ સેન્ટર ખાતેથી મળશે**

**આધુનિક ટેક્નોલોજી અને પ્રગતિશીલ અભિગમથી વધુમાં વધુ લોકોને શ્રેષ્ઠ સુવિધાઓ મળશે**

**પાલિકા પ્રમુખ મનિષાબેન રામાણી, કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**
















અમરેલી, તા. ૧૦

રાજય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત લોકોને ઘર આંગણે ઝડપી અને પારદર્શક ઈ-ગવર્નન્સની સેવાઓનો લાભ મળી રહે એ માટે સિટી સિવિક સેન્ટર (નાગરિક સુવિધા કેન્દ્ર) બનાવવામાં આવ્યા છે. આ સેન્ટર્સ મારફત ગુજરાતની ગુડ ગવર્નન્સ અને ઈ-ગવર્નન્સ સરકાર દ્વારા નાગરિકોને ઘર આંગણે જ ઝડપી અને સરળ રીતે સુવિધાઓ પ્રદાન કરવામાં આવી રહી છે. ગુજરાત રાજયના મૃદુ અને મક્કમ નિર્ણાયક મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે અમરેલી ખાતે તૈયાર થયેલ અદ્યતન સીટી સિવિક સેન્ટરના ઈ-લોકાર્પણનો કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ગુજરાતના ૨૨ નગરપાલિકાઓમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

### જાફરાબાદ નજીક આવેલ

# લુણસાપુર નજીક કૂવામાં ન્હાવા પડેલ ૨ બાળકોનાં ડૂબી જવાથી મોત

**નાનાએવા ગામમાં શોકનો માહોલ છવાયો**

અમરેલી, તા. ૧૦

જાફરાબાદ નજીક આવેલ લુણસાપુર ગામનાં પાણી ભરેલ અવાવરૂ કૂવામાં ન્હાવા પડેલ ૨ બાળકોનાં ડૂબી જવાથી મોત થતાં નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો છે.

વિગત એવા પ્રકારની છે કે, રવિ જાદવ અને અજય જાદવ નામનાં પિતરાઈ ભાઈઓ ગામ નજીક આવેલ પાણી ભરેલ અવાવરૂ કૂવામાં ન્હાવાલ પડતાં બન્નેનાં પાણીમાં ડૂબી થવાથી મોત થતાં શોકનો માહોલ છવાયો છે.

### અમરેલી જિલ્લાનાં અરબી સમુદ્રમાં

# વાવાઝોડાની શકયતાને લઈ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની ટીમ દ્વારા હવાઈ નિરીક્ષણ કરાયું

**માચ્છીમારો સમુદ્રમાં જઈ માચ્છીમારી ન કરે તે માટે પેટ્રોલીંગ**

અમરેલી, તા. ૧૦

અરબી સમુદ્રમાં હવાનું દબાણ સર્જાતા વાવાઝોડું બનવા લાગતાં આગામી દિવસોમાં વાવાઝોડાની શકયતાને લઈ ઈન્ડિયન કોસ્ટગાર્ડની ટીમો ધ્વારા એકશન મોડમાં આવી દરિયામાં હવાઈ નિરીક્ષણ હાથ ધર્યુ હતું.

વહીવટીતંત્ર ધ્વારા માચ્છીમારોને વાવાઝોડાની શકયતાને લઈ દરિયો ન ખેડવા સુચના આપવામાં આવી છે. તેમ છતાં હજુ કોઈ માચ્છીમાર દરિયામાં હોય તો તેને દરિયાકાંઠે પરત લાવવા માટે થઈ ખાસ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની ટીમ ધ્વારા આજે દરિયામાં વિમાન માર્ગે ખાનગીરાહે પેટ્રોલીંગ શરૂ કર્યુ હતું.

ઈન્ડિયન કોસ્ટગાર્ડ ધ્વારા





જાફરાબાદ-પિપાવાવ કોસ્ટબેલ્ટ ઉપર ૨૦ મિનીટ સુધી દરિયાની આસપાસ તથા કિનારે તપાસ હાથ

**અનુસંધાન પાના ૬ ઉપર**

શું તમને સાંભળવાની તકલીફ છે ?

શું તમને વાત સમજવામાં તકલીફ છે ?

શું તમારા કાનમાં તમરા બોલે છે ?

કાનની નસ સુકાઈ ગઈ છે ?

શું તમારે કાનના મશીનની જરૂરીયાત છે ?

તો નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ પાસે કાનની તપાસ કરાવો

કાનની અંદરનું મશીન

કાનની પાછળનું મશીન

કાયમી સરનામું

અવતાર

સ્પીચ અને હિયરીંગ કિલનીક

ગોલ્ડન પ્લાઝા, જ્યુબીલી ધર્મશાળા પાસે, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી.

મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

ડૉ. પિયુષ વી. ગોસાઈ

(એમ.ડી.) ગાયનેક

પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત

શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર

સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.

ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬

ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮

સોમવાર થી શનિવાર...

ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# જાફરાબાદ : ભાકોદર ગામની કંપનીમાંથી વાયરની ચોરી કરનાર ૨ શખ્સો ઝડપાયા

**લાલા બાંભણીયા અને મહેશ યાદવ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૧૦

જાફરાબાદનાં ભાકોદર ગામે કંપનીમાંથી કેબલ ચોરી કરનાર લાલા ભાણાભાઈ બાંભણીયા અને મહેશ શિવપાલ યાદવ રે. ભાકોદરની અટકાયત કરવામાં આવી છે.

વિગત એવા પ્રકારની છે કે, જાફરાબાદ તાલુકાનાં ભાકોદર ગામે આવેલ સ્વાન કંપનીમાં આવેલ બ્લેક એન્ડ વીચ કંપનીનાં ઈન્સુયુકેન્ટ કેબલ વાયરો કંપનીની ખુલ્લી જગ્યાઓમાં રાખેલ હોય ગઈ તા. ૧૨/૫/૨૩ થી

**અનુસંધાન પાના ૬ ઉપર**



Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)

ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા

૯૮૨૫૫ ૪૬૯૦૨

ડૉ. વિવેક જોષી

ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ

M.B.D.P.M.

FIPS.MIAPP

મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત

ડિપ્રેશન ■ ચિંતા ■ ધનુરોગ ■ વિચારવાયુ ■ વહેમ ■ શંકા ■ મરવાના વિચારો ■ સ્કીઝોફેનીયા ■ માથાનો દુઃખાવો ■ ખેંચ ■ આંચકી ■ વાઈ ■ તાણ ■ વ્યસનમુકિત ■ યાદશકિત ઓછી હોવી ■ બાળ માનસીક રોગો.

વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦

: કિલનીક સમય :

સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

### વેરા વસૂલાતમાં ૮૦ ટકા સુધી ગ્રામ પંચાયતને સફળતા મળી : મહિલાઓની જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું

# વડિયાનાં મોટા ઉજળા ગામની સ્માર્ટ વિલેજ યોજનામાં પસંદગી

## ભૂગર્ભ ગટરની સુવિધાઓથી ગામની સ્વચ્છતામાં વધારો થયો : ગામ સ્વચ્છ બનતા નાગરિકોનું સ્વાસ્થ્ય સુદ્રઢ થયું



અમરેલી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા રૂર્બન કોન્સેપ્ટ, આત્મા ગામડાનો સુવિધા શહેરોની એ વિચારધારાને સાકાર કરતી સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત સમગ્ર ગુજરાત રાજયના ૧૬ જિલ્લાની ૩૫ ગ્રામ પંચાયતો સ્માર્ટ વિલેજ જાહેર કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશા દર્શનમાં તૈયાર થયેલી સ્માર્ટ વિલેજ યોજનામાં અમરેલી જિલ્લાના બાબરાના ઉંટવડ અને કુંકાવાવ વડીયા તાલુકાના મોટા ઉજળા સહિત બે ગામ પસંદગી પામ્યા છે. સ્માર્ટ વિલેજ યોજના હેઠળ કુંકાવાવ તાલુકાનું મોટા ઉજળા ગામ ઘણી રીતે અનોખું છે અને એટલે જ તે આ યાદીમાં પસંદ થયું છે. સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા સ્માર્ટ વિલેજ યોજના હેઠળના નિયત ૧૧ માપદંડોમાં ૯૫ ટકા ગુણ મેળવ્યા છે તેવા મોટા ઉજળા પંચાયતની પસંદગી રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે.

મોટા ઉજળા ગામની સુવિધાઓ વિશે માહિતી આપતા ગામના સરપંચ વિપૂલભાઈ ખીમાણીએ જણાવ્યુ કે, અમારા ગામની વસતિ ૨,૦૨૦ છે. આ વસતિ મુજબ વેરા વસૂલાતમાં ૮૦ ટકા સુધી ગ્રામ પંચાયતને સફળતા મળી છે. ગામમાં શહેરી વિસ્તારમાં હોય તેવી ભૂગર્ભ ગટર, પીવાના પાણીના બે જાહેર આર.ઓ. પ્લાન્ટ, અઠવાડિયામાં બે દિવસ ડોર–ટુ–ડોર કચરાના કલેકશનની સુવિધા, નલ સે જલ અંતર્ગત ઘરે–ઘરે પીવાના પાણીની લાઈન, સોલાર ઉર્જા સંચાલિત ગ્રામ પંચાયત કચેરી, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ વગેરે જેવી સુવિધાઓ વિવિધ સરકારી અનુદાનથી વિકસાવવામાં ધારી સફળતા મળી છે. આ ઉપરાંત તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી ગામની શાળામાં સ્માર્ટ બોર્ડ પણ આપવામાં આવ્યા છે. સ્માર્ટ બોર્ડ દ્વારા બાળકોને અદ્યતન શિક્ષણ પ્રાપ્ત થઈ રહ્યું છે. મોટા ઉજળા ગામમાં નિર્માણાધીન કાર્યો વિશે વાત કરતા સરપંચ ખીમાણીએ કહ્યુ કે, ગામમાં સી.સી.ટી.વી. કેમેરા, નવું આરોગ્ય કેન્દ્ર, જાહેર બગીચા સહિતની સુવિધાઓનો સમાવેશ આગામી સમયમાં થશે. આ મંજૂર થયેલી ગ્રામ સુવિધાઓ આગામી દિવસોમાં નિર્માણ પામશે અને તે ગામના લોકોની સુવિધામાં ઉમેરો કરશે. ગામની આ સુવિધાઓથી મહિલાઓની જીવનશૈલીમાં પણ પરિવર્તન આવ્યું છે. ઘરે પીવાનું શુદ્ધ પાણી પહોંચતું હોવાથી અને કચરાના ડોર ટુ ડોર કલેક્શનની સુવિધાઓથી ગ્રામ્ય વિસ્તારની મહિલાઓનાં આરોગ્યમાં સુધારો આવ્યો છે. તેમને સ્થાનિક સ્તરે સુવિધા મળી રહેતા તેમનો સમય અને ઊર્જા તે અન્ય કામ માટે રોકી શકે છે.

ગામનાં રહેવાસી શ્રેયાબેન કથીરિયાએ આ અંગે વાત કરતા જણાવ્યું કે, રીક્ષા દ્વારા અમારા ગામમાં અઠવાડિયામાં બે દિવસ ડોર–ટુ–ડોર કચરો લેવામાં આવે છે. કચરો લેવા આવતી રીક્ષાના ચાલક વ્હીસલ વગાડે છે, જેથી મહિલાઓને કચરો આપવા માટેની આગોતરી જાણ થાય છે. ભૂગર્ભ ગટરની સુવિધાઓથી ગામની સ્વચ્છતામાં પણ વધારો થયો છે. અમારૂં ગામ સ્વચ્છ બનતા રોગચાળાની ભીતિ નથી. આવી સુવિધા થકી ગામના નાગરિકોનું સ્વાસ્થ્ય સુદ્રઢ થયું છે. સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનામાં પસંદ થયેલા આ ગામોના સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયત દીઠ રૂા. પાંચ લાખની રકમ પુરસ્કાર તરીકે આપવામાં આવશે. આ ગ્રાન્ટના આયોજન અંગે માહિતી આપતા ગામના તલાટી કમ મંત્રી જે.સી. પટોળીયા જણાવે છે કે, હું છેલ્લા દોઢેક વર્ષથી અહીં ફરજ બજાવું છું. મોટા ઉજળાની સ્માર્ટ વિલેજ યોજનામાં પસંદગી થતાં જે ગ્રાન્ટ મળશે તે પ્રાથમિક સુવિધાઓ વધારવા માટે ઉપયોગમાં લેવાનું આયોજન છે. મોટા ઉજળા ગામને વધુ સારી સુવિધાયુકત બનાવવા બાબતે ગ્રામજનોનો સકારાત્મક અભિગમ અને સતત પ્રયાસ રહે છે. આ યોજનામાં મોટા ઉજળાની પસંદગી થવા બદલ રાજય સરકારનો ખૂબ ખૂબ આભાર.

મહત્વની વાત છે સૂર્ય ઊર્જા સંચાલિત મોટા ઉજળા ગ્રામ પંચાયતમાં તમામ પ્રકારના દાખલાઓ નિઃશુલ્ક કાઢી આપવામાં આવે છે. આ અંગે ગામના ખેડૂત માલવીયાભાઈએ જણાવ્યુ કે, ગ્રામ પંચાયતમાં ઈ–ગ્રામ સુવિધા પરથી ૭/૧૨, ૮–અ, ઈ–શ્રમ કાર્ડ, આવકના દાખલા, જાતિના દાખલા વગેરે નિઃશુલ્ક કાઢી આપવામાં આવે છે. આ ઉપરાંત લગ્ન/મૃત્યુની નોંધણી ઉપરાંત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાહેરાત પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ પરથી કરવામાં આવે છે. અમે ગ્રામ પંચાયતની આ સેવાઓથી સંતુષ્ટ છીએ.

આમ, ગ્રામ્ય સ્તરે સરકારી યોજનાઓ અને સરકારના અનુદાનની રકમનો મહત્તમ અને ઉત્તમ ઉપયોગ કરી મોટા ઉજળા સ્માર્ટ વિલેજ બન્યું છે. આગામી દિવસોમાં ગ્રામજનોની સુવિધા અને સુખાકારીમાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે પંચાયતની ચૂંટાયેલી પાંખ સક્રિય છે. કુંકાવાત તાલુકાનું 'સ્માર્ટ વિલેજ' મોટા ઉજળા એક પ્રેરક ઉદાહરણ છે.

**સ્માર્ટ વિલેજ યોજના હેઠળ પસંદગીના માપદંડ :**

આ યોજના હેઠળ પસંદગી માટેના ૧૧ માપદંડ છે. જેમાં, (૧) ગ્રામ વાટિકા/ગાર્ડન (૨) કચરાનું ફરજિયાત ડોર ટુ ડોર કલેક્શન (૩) દરેક ઘરે પીવાના પાણીનું નળ કનેક્શન (૪) પંચાયતના વેરાની વસૂલાત (૫) રસ્તા પર ઉકરડા ન હોય અને રસ્તાઓની નિયમિત રીતે સાફ–સફાઈ (૬) સ્માર્ટ ઈ–ગ્રામ સેન્ટરની સુવિધા (૭) ગ્રામ પંચાયત કચેરી ઉપર સોલાર રૂફટોપ (૮) ઓપન ડેફીકેશન ફ્રી વિલેજ (૯) ગ્રામ પંચાયત દ્વારા લાઈટ બિલ ભરવાની નિયમિતતા (૧૦) ગામમાં ગટર યોજનાનું નિર્માણ (૧૧) ગામતળના પાકા રસ્તા અને ગામની વસતી ઓછામાં ઓછી ૨,૦૦૦ અને વધુમાં વધુ ૬,૦૦૦ સુધી હોવી અનિવાર્ય છે. આ તમામ માપદંડોમાં ૯૫% ગુણ મેળવી મોટા ઉજળા ગ્રામ પંચાયતે સ્માર્ટ વિલેજ યોજનામાં પસંદગી પ્રાપ્ત કરી છે.

**મુલાકાત અને આલેખન : જય મિશ્રા**

**તસવીરો : એમ.એમ.ધડુક**

**ફિલ્માંકન : ભૂપત.ડી. પાથર**

### વર્ષો જૂના પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવતું નથી

# જાફરાબાદમાં રખડતા આખલાઓ અવાર નવાર યુદ્ધે ચડતા પરેશાની વધી

## પાલિકાનાં શાસકો આળશ ખંખેરે તેવી માંગ

જાફરાબાદ, તા. ૧૦

જાફરાબાદમાં ઠેર–ઠેર રખડતા ઢોરથી જનતા ત્રાહિમામ્ પોકારી ઉઠી છે. છતાં વહીવટી તંત્ર ખુદ જાણે છતાં જનતાની કંઈ જ પડી ના હોય તેમ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે.

અવારનવાર આખલાઓ જાહેર રોડ ઉપર પુલ ઉપર સોસાયટી વિસ્તારોમાં સામે સામે યુધ્ધે ચડી બાળકો તથા વૃધ્ધ નાગરિકો ઉપર હુમલાઓ પણ અવારનવાર થતાં હોય અને અમુલ્ય માનવ જિંદગી મોતનાં મુખમાં હોમાતી હોય છે. તેમજ લોકોનાં હાથ પાડું પણ ભાંગી નાખતા આ રખડતા ઢોરો અવારનવાર કિંમતી વસ્તુઓ જેવી કે ટુ વ્હીલર, ફોર વ્હીલર જેવા વાહનોનું પણ નુકસાન થતું હોય છે. તથા માર્કેટની અંદર આખલાઓ અવારનવાર પ્રવેશી શાકભાજી વેચનારા, પાથરણાંવાળા, ફ્રૂટ વેંચનાર લોકોના માલસામાનને પણ મોટા પાયે માલઢોર ખાઈ જતાં હોય છે. અમુક સમયે માર્કેટમાં પણ અંદર ઘૂસી લોકો



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

ઉપર પણ હુમલા કરતા આખલાઓ આવા પણ અગાઉ બનાવ બની ચુકયા છે. રખડતા ઢોરોનો ત્રાસ નાથવા યોગ્ય અને અસરકારક કાર્યવાહી થતી નથી અને કેટલીય નિર્દોષઅ જનતા અકસ્માત સહિત મોતને ભેટી રહી હોવા છતાં સંવેદનશીલ તંત્રની સંવેદના કેમ જાગતી નથી ? નગરપાલિકામાં સામાન્ય નાગરિકની ફરિયાદ ગંભીરતાથી લેવાતી નથી પણ છતી આંખે દેખાતી જાહેર ગંભીરતા સામે જાફરાબાદ નગરપાલિકા કેમ ગંભીર બનતી નથી ? ગુજરાત હાઈકોર્ટ અવારનવાર રખડતા ઢોરો ત્રાસ નાથવા તંત્રને ટકોર કરવા છતાં વહીવટી તંત્ર અસરકારક કામગીરી કરવામાં ઠાગાઠૈયા થતાં રખડતા ઢોરોથી બચવા સતર્કતા એજ સલામતી નીતિ અમલમાં લાવી ખુદ જનતા જાગરૂત બની બચાવ શોધે તેવી પરિસ્થિતિનો નિર્માણ રોડ રસ્તા પર ભટકતું મોત, રખડતા ઢોરોનાં ત્રાસ નાથવા વહીવટી તંત્રમાં જો માનવતા જાગે તો આ અંગે કડક અને અસરકારક પગલા ભરે તેવી માંગ ઉભી થઈ છે.

### સાવરકુંડલા ચોકડી નજીકથી

# અમરેલી તાલુકા પોલીસે શંકાસ્પદ બાઈક ઝડપી કાર્યવાહી શરૂ કરી

## એક વ્યકિતની પુછપરછ કરી



અમરેલી, તા. ૧૦

અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. પી.બી. લક્કડની રાહબરી હેઠળ અમરેલી રૂરલ પોલીસની ટીમ દ્વારા આજે તા.૧૦નાં અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાવરકુંડલા ચોકડી પાસે કોમ્બીંગ પેટ્રોલીંગ દરમ્યાન ચતુરભાઈ દેવશી વાઘેલા રહે. સાવરકુંડલા રોડ અને મુળ ગાવડકાને શંકાસ્પદ બીલ કે આધાર પુરાવા વગરની હીરો કંપનીનું લાલ કલરનું એચ.ડી. ડીલક્ષ મોટર સાઈકલ કિ.રૂા. ૧૦,૦૦૦નો મુદ્દામાલ સાથે ચોરીના શક પડતી મિલકત તરીકે પકડી પાડેલ જે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી મજકુર ઈસમને સી.આર.પી.સી. કલમ ૪૧(૧) ડી મુજબ ધોરણસર અટક કરેલ છે.

### ૨૨૮૪ જેટલા મતદારો મતદાન કરશે

# બાબરા : નાગરિક બેન્કની ખાલી પડેલ એક બેઠકની આજે ચૂંટણી યોજાશે

## સાંજના મતદાન પૂર્ણ થયા બાદ રાત્રિનાં ગણતરી

બાબરા, તા. ૧૦

બાબરા શહેરની મહત્વની સહકારી સંસ્થા નાગરિક બેન્કની એક બેઠકની પેટા ચૂંટણી આજે રવિવારનાં રોજ યોજાશે. બેન્કની એક ડિરેકટરની પેટા ચૂંટણીની સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થશે અને સાંજના ચાર વાગ્યે પૂર્ણ થશે ત્યારબાદ મતગણતરી કરવામાં આવશે અને મોડી રાત સુધીમાં પરિણામ જાહેર કરવામાં આવશે.

બાબરા નાગરિક બેન્કની બે બેઠકની પેટા ચૂંટણી અગાઉ જાહેર થઈ હતી. જેમાં અનુસૂચિત અને સામાન્ય બેઠક જેમાં અનુસૂચિત બેઠકના બે ઉમેદવારનાં ફોર્મ રદ થતાં આ બેઠક ખાલી રહી હતી. જયારે સામાન્ય બેઠકમાં બાબુભાઈ કારેટીયા અને પ્રકાશભાઈ મકવાણા માન્ય ઉમેદવાર વચ્ચે ચૂંટણી યોજાશે.

નાગરીક બેન્કનાં ડિરેકટર અને પૂર્વ ચેરમેન મનુભાઈ શેલિયાનું નિધન થતાં તેમની ડિરેકટરની બેઠક ખાલી થતાં ચૂંટણી યોજાય છે.

બેન્કનાં કુલ ૨૨૮૪ મતદારોને મતદાનનો ઉપયોગ કરશે બેંકની પેટા ચૂંટણી વ્યવસ્થાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. રવિવારનાં રોજ મતદારો શાંતિપૂર્ણ રીતે મતદાન કરે તેવી વ્યવસ્થા સ્થાનિક બેંકનાં ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવી છે.

### જનસંપર્ક અભિયાન અંતર્ગત બેઠકમાં ઉપસ્થિત રહ્યાં

# અમરેલી ખાતે ભારત સરકારનાં પૂર્વ મંત્રી અને બરેલીનાં સાંસદ સંતોષ ગંગવારનું આગમન

## નાયબ દંડક કૌશિક વેકરિયા અને સાંસદ કાછડીયા સાથે જોડાયા

અમરેલી, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારનાં ૯ સફળ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે જન સંપર્ક અભિયાન અંતર્ગત સંપર્કથી સમર્થન કાર્યક્રમ અન્વયે આજરોજ શેડુભાર ડેરી સાયન્સ કોલેજ, ચિતલ રેલ્વે સ્ટેશન, બાબરા માર્કેટીંગ યાર્ડ ખાતે ભારત સરકારનાં પૂર્વ મંત્રી અને બરેલીનાં સાંસદ સંતોષ ગંગવારજી, વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિક વેકરિયા, અમરેલી સાંસદ નારણભાઈ કાછડીયાની વિશેષ ઉપસ્થિતિ કાર્યકર્તાઓ સાથે બેઠક યોજીને મુલાકાત કરી હતી તેમજ એન્જલ લોડ્સ હોટેલ અમરેલી ખાતે વરિષ્ઠ કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ કરી શુભેચ્છા મુલાકાત કરી અને તેમનું સન્માન કરી, તેમને ભાજપ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓ વિશે માહિતગાર કર્યા હતા.

### હું તો કાગળીયા લખી લખી થાકી સરકાર તારા મનમાં નથી

# લ્યો બોલો : વડિયામાં સરકારી સાયન્સ હાઈસ્કૂલ અને કોલેજની માંગ પૂર્ણ થતી નથી

## તમામ આગેવાનોએ રજૂઆત કરી પરિણામ શૂન્ય

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાનાં ગ્રામીણ તાલુકા મથક એવા વડિયામાં ધોરણ–૧૦ પછી સાયન્સ અને ધોરણ–૧૨ પછી કોલેજની કોઈ સુવિધાઓ ના હોવાથી આ વિસ્તારના બાળકો અમરેલી, જેતપુર, ગોંડલ, ધોરાજી, રાજકોટ, જૂનાગઢ જેવા સેન્ટરોમાં ઉંચી ફી ચૂકવીને અભ્યાસ કરવા માટે મજબૂર બને છે. આ સુવિધાઓ વડિયામાં ઉપલબ્ધ કરાવવા આ વિસ્તારનાં મોટાભાગનાં રાજકીય સામાજિક આગેવાનોએ સરકારમાં અને સ્થાનિક પ્રતિનિધીઓને રજૂઆત કરી ચૂકયા છે. પરંતુ છેલ્લા દસ વર્ષમાં કોઈ સફળતા મળતી જણાઈ નથી. ત્યારે ફરી શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ વડિયાના ભાજપ અગ્રણી એવા પૂર્વ ઉપસરપંચ છગન ઢોલરીયા દ્વારા સ્થાનિક બાળકોનાં શિક્ષણની ચિંતા કરી વડિયામાં સરકારી સાયન્સ સ્કૂલ અને સરકારી કોલેજ મળે તેવા આશયથી સ્થાનિક ધારાસભ્ય એવા નાયબ મુખ્યદંડક કૌશિક વેકરિયા અને અમરેલી સાંસદને પત્ર લખી તેઓ સરકારમાં રજૂઆત કરી વડિયાને આ સુવિધાઓ અપાવવા માંગણી કરવામાં આવી છે.

### તાલુકા ભાજપ દ્વારા

# વડિયા ખાતે કૌશિકભાઈ વેકરિયાના જન્મદિવસની અનોખી ઉજવણી

## ૧૧૦૦ નાગરિકોનો ૨ લાખનો વીમો ઉતરાવ્યો



વડિયા, તા. ૧૦

અમરેલી વડિયા–કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના ૩૮માં જન્મદિવસ નિમિત્તે વડિયા કુંકાવાવ તાલુકા ભાજપ અને તાલુકા યુવા ભાજપ દ્વારા વડિયા વિસ્તારનાં ૧૧૦૦ લોકોનાં પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના અંતર્ગત ૨ લાખ રૂપિયાનો વીમો ઉતરી આપવામાં આવ્યો. વડિયા–કુંકાવાવ તાલુકા ભાજપનાં મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર અને યુવા ભાજપનાં મહામંત્રી અનિરુધ્ધ બોરીચા સાથે વાત કરતા જણાવ્યું કે, આપણા ધારાસભ્યનો સદાયને માટે એવો ઉદ્દેશ રહ્યો છે કે છેવાડા વિસ્તારનો માનવીને પણ સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતગાર થાય અને વધારેમાં વધારે લોકો સરકારી યોજનાઓનો લાભ લેતા થાય તે ઉદ્દેશ્યને ઉજાગર કરવા માટે વડિયા કુંકાવાવ તાલુકા ભાજપ પરિવાર દ્વારા પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના અંતર્ગત વડિયા વિસ્તારનાં ૧૧૦૦૦ લોકોને ૨ લાખ રૂપિયાનું વીમા કવચ આપવામાં આવશે. આ કાર્યક્રમ વડિયા જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલભાઈ રાંક તાલુકા પંચાયતનાં કારોબારી ચેરમેન પી.વી. વસાણી, તાલુકા પંચાયતનાં દંડક તુષારભાઈ ગણત્રા, તાલુકા પંચાયત સદસ્ય ગજેન્દ્રભાઈ પટોલિયા, વડિયાનાં સરપંચ મનીષભાઈ ઢોલરીયા, પૂર્વ સરપંચ છગનભાઈ ઢોલરીયાનાં સહયોગથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને લોકોએ પણ આવકાર્યો હતો.

### અલ્પાબેન રાઠોડ, છાયાબેન રાસલીયા નામની યુવતીને

# વડિયા : પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડનાં પ્રયત્નોથી કુંવરબાઈ મામેરૂ યોજનાનો લાભ મળ્યો

## કુલ રૂપિયા ૨૨ હજારની આર્થિક મદદ કરાઈ

અમરેલી, તા. ૧૦

વડિયા ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડનાં પ્રયત્નોથી અલ્પાબેન રાઠોડ અને છાયાબેન રાસલીયા નામની યુવતીને રૂપિયા ૧૦ હજાર અને ૧૨ હજાર કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત આર્થિક સહાય કરવામાં આવી છે.

### એસપીની સુચનાથી એલસીબીની કામગીરી

# સા.કુંડલા તાલુકા પો.સ્ટે.નાં મોબાઈલ ચોરીનાં ગુન્હાનાં આરોપી ઝડપાયા

## મોટી વાવડીનાં અનિલ પરમારની અટકાયત



અમરેલી, તા. ૧૦

સાવરકુંડલાનાં શાહબાજખાન અયુબખાન પઠાણનાં મોબાઈલની ચોરીની ઈ–એફ. આઈઆર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ. પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી એલસીબીએ ગારીયાધારનાં મોટી વાવડી ગામનાં અનિલ જીવરાજભાઈની અટકાયત કરેલ છે. આ કામગીરી પોલિસ અધિક્ષકની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા પો.સ.ઈ. એમ.બી. ગોહિલ તથા પો.સ.ઈ. એમ.ડી. સરવૈયા તથા અમરેલી એલ.સી.બીનાં એ.એસ.આઈ જીગ્નેશભાઈ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ, ઘનશ્યામભાઈ મકવાણા તથા પો.કોન્સ. તુષારભાઈ પાંચાણી દ્વારા કરવામાં આવેલ છે.

### ગીર સોમનાથ એલસીબીની કામગીરી

# ઉના : છેલ્લા ૨ વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત



ઉના, તા. ૧૦

ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ જિલ્લામાં ગુનો આચરી નાસતા ફરતા આોરપીઓને પકડી પાડવા સુચના કરેલ હોય જે અનુસંધાને એલસીબીના ઈ.ચા. પો.ઈન્સ. વી.કે. ઝાલાના માર્ગદર્શન મુજબ ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એએસઆઈ રામદેવસિંહ જાડેજા, લાલજીભાઈ બાંભણિયા, સરમણભાઈ સોલંકી તથા પો. હેડ કોન્સ. જયરાજસિંહ ગોહીલ તથા ભુપેન્દ્રસિંહ ચાવડાનાઓને મળેલ સંયુકત બાતમી આધારે નાસતો ફરતો આરોપી ગોવિંદ ધરમશીભાઈ લીંબડીયા રહે. નાગડકા, તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર હાલ. રહે. બાબરકોટ વાડી વિસ્તાર, તા.જી. બોટાદ ઈસમ ઉના પો.સ્ટે.ગુ.ર.નં. ૭૪૪/૨૦૨૧ આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦બી, ૧૧૪ મુજબના છેતરપીંડીના ગુનાના કામે ફરિયાદીના આરોપી સપનાબેન સાથે લગ્ન કરાવી આપવાનું કહી આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરુ રચી ફરિયાદી પાસેથી અગાઉ રોકડા રૂપિયા ૪૧,૦૦૦/– તથા ગાડી ભાડાના રૂપિયા ૫૫૦૦/– મળી કુલ ૪૬,૦૦૦/– પડાવી લઈ લગ્નના દિવસે રૂા. ૨,૦૦,૦૦૦/– આપવાનું નકકી કરી લગ્ન નહી કરી ફરિયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુનો કરી છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોય જેને ઉના રામેશ્વર ચોકડી પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### નવાબંદર મરીન પોલીસે ૨૦ બોટલ વિદેશીદારૂનાં જથ્થા સાથે

# ગીરગઢડા તાલુકાનાં આંકોલાલી ગામનાં બુટલેગરને ઝડપી પાડયો

ઉના, તા. ૧૦

નવાબંદર મરીન પોલીસ સ્ટાફ તડ ચેક પોસ્ટ પર પેટ્રોલિંગમાં હોય ત્યારે દિવ તરફથી હાથમાં કાપડની થેલી લઈને યુવક જતો હોય જેમના પર પોલીસને શંકા જતાં પોલીસે કાપડની થેલી ચેક કરતાં વિદેશી દારૂની બોટલ નંગ–૨૦ સાથે રાકેશભાઈ ખીમાભાઈ વાજા રહે. આકોલાલી તા. ગીરગઢડા વાળાઓને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### રાજુલા નજીક આવેલ

# પિપાવાવ ગામેથી બાઈક ઉપર વિદેશીદારૂની હેરફેર કરતા મહુવાના ૨ શખ્સો ઝડપાયા

## બાઇક સહિત રૂા. ૫૫,૨૫૧/–નાં મુદ્દામાલની અટકાયત

અમરેલી, તા. ૧૦

મહુવા ગામે રહેતા વિક્રમ ધીરૂભાઈ ગોહિલ તથા વિજય કાનાભાઈ ભેડા નામના બે ઈસમો આજે બપોરના સમયે પોતાના હવાલાવાળા બાઈક નંબર પ્લેટ વગરના ઉપર વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની વિદેશીદારૂની બોટલ નંગ ૮૦ કિં. રૂા. ૫૨૫૧ તથા બાઈકની કિ.રૂા. ૫૦ હજાર મળી કુલ રૂા. ૫૫,૨૫૧/–નાં મુદ્દામાલ સાથે રાજુલા તાલુકાના પીપાવાવ ગામેથી પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ખાંભા નજીક આવેલ

# સાળવા ગામે કેડે ચાલવાનાં મનદુઃખે વૃધ્ધ ખેડૂતને પથ્થર મારી ઈજા કરી

## તે જ ગામે રહેતા ૩ ઈસમો સામે નોંધાઈ ફરિયાદ

અમરેલી, તા. ૧૦

ખાંભા તાલુકાનાં સાળવા ગામે રહેતા બાબુભાઈ જીવાભાઈ ગોહિલ નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધ ખેડૂતને તે જ ગામે રહેતા છીનાભાઈ જીવાભાઈ ચાવડા સહિતનાઓ સાથે જુનુ કેડે ચાલવા બાબતનું મનદુઃખ ચાલતું હોય. તેથી વૃધ્ધ ખેડૂતને ગાળો આપી લાકડી વડે માર મારી તથા છુટા પથ્થરનો ઘા મારી માથાનાં ભાગે ગંભીર ઈજા કર્યાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાઈ છે.




























સન્ડે સ્વીટ્સ
અમરેલી એક્સપ્રેસ
તા. ૧૧-૦૬-૨૦૨૩

# એક વખત એવું બન્યું (ખટરાગી ખંભાળીયા)

<u>ભાગ-૨૧</u>


**(કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે.)**

નોકરીના શરૂઆતના તાલીમના સમયગાળા દરમિયાન મારી સાથે મારી બેચના અન્ય મામલતદારશ્રીઓ પણ જામનગર કલેકટર કચેરી ખાતે તાલીમ લઈ રહ્યા હતા. જે પૈકીના એકને ખંભાળિયાના મામલતદાર તરીકે સ્વતંત્ર હવાલો સોંપવામાં આવેલ. શરૂઆતના તબક્કામાં તેમને ખંભાળિયામાં કામ કરવું એટલું તો અઘરૂં લાગ્યું કે જીપીએસસી કલાસ વન ટુ જેવી ખૂબ અઘરી ગણાતી પરીક્ષા પાંચ વર્ષની મહેનત બાદ પાસ કર્યા પછી માત્ર પાંચ મહિનામાં જ મળેલી ઉત્તમ નોકરીને જતી કરવી વધારે અનુકૂળ લાગી. તેમણે રાજીનામું મૂકેલ. પરંતુ કેટલાક મિત્રોએ એમને સમજાવ્યા બાદ અને સરકારે તેમની ત્યાંથી બદલી કરી આપ્યા બાદ તેમણે રાજીનામુ પરત ખેંચેલ. ત્યારબાદ અન્ય પાંચ મિત્રો પૈકી જેમને પણ ચાર્જમાં ખંભાળિયા મામલતદાર તરીકે કામ કરવાનો અવસર મળેલ તે તમામ મિત્રોએ મને મારી બદલી ત્યાં થયા સમયે ફોન પર એટલું જણાવ્યું કે ભાઈ ખૂબ ખરાબ અને અઘરી જગ્યા છે. રાજકારણીઓનું પ્રેસર પણ ઘણું આવશે. અમુક સ્ટાફ પણ ધ્યાન રાખવા જેવો ખરો અને ભૂતકાળમાં ઘણા કૌભાંડો થયેલાં હોય રેકર્ડ પણ સારૂં નહીં એટલે ધ્યાન રાખજે. આમ તો તને વાંધો નહીં આવે પણ અમારી ફરજમાં આવે એટલે તારૂં ધ્યાન દોર્યુ.

પહેલા પણ મેં કહ્યું એ મુજબ નાનપણથી ગણિત મારો ગમતો અને ફાવટવાળો વિષય એટલે અઘરા દાખલા ગણવાના મારા ભાગમાં જ આવે. વર્ષ ૨૦૧૮માં એકાએક મામલતદાર ખંભાળિયા તરીકે ફરજ બજાવવાનો મારો હુકમ થતા જ હું બાબરાથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડા મથક ખંભાળિયા ખાતે હાજર થયો. જામનગર જિલ્લામાંથી છૂટો પડેલો, ચાર તાલુકાઓમાંથી બનેલો આ નવો જિલ્લો દેવભૂમિ દ્વારકા તે ખરેખર ત્યાં કામ કર્યા બાદ મને એવું લાગ્યું કે આ વિસ્તાર નવો જિલ્લો બનવાને લાયક જ નથી. હું હાજર થયો ત્યારે ગામના લગભગ રસ્તા તૂટેલા, ખૂબ ધૂળ ઉડે, અમુક જ્ઞાતિઓમાં જ્ઞાતિવાદ પણ ચરમસીમા પર, કેટલાક ખાસ પહોંચેલા લોકોનું જ ચાલે, જેટલુ સરસ કામ બાબરા કરીને આવેલો એનાથી દસ ગણી ખરાબ પરિસ્થિતિ હતી ખંભાળિયાની. નવી ભરતીના રેવન્યૂ તલાટીઓને ભરતી થયાના એક વર્ષ બાદ એક સામાન્ય અરજી પણ વ્યવસ્થિત લખતા આવડતી નહીં. કારણ કે એમને કોઈએ તાલીમ આપેલ નહીં. કચેરીના સ્ટાફ વચ્ચે સંકલનનો અભાવ.

તાલુકામાં મામલતદાર કચેરીનો પ્રભાવ શૂન્ય. કચેરીમાં આવતાં જ તીવ્ર દુર્ગંધ, કામગીરીની કોઈપણ પ્રકારની વહેંચણી નહીં. મરજી પડે ત્યારે નોકરી કરવા આવે અને મરજી પડે ત્યારે રજા. આ રીતે ટેવાયેલો સ્ટાફ. ઓછામાં પૂરૂં છેલ્લા અમુક મહિનાઓથી મામલતદાર તરીકે કોઈનો કાયમી ઓર્ડર થયેલો ન હતો આથી ચાર્જમાં જ કામગીરી ચાલતી.

હું હાજર થયો ત્યારે વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ હતી. હજુ સુધી ચૂંટણીના નાયબ મામલતદારશ્રી હાજર થયા





ન હતા. મારા સદનસીબે મને નાયબ મામલતદાર ચૂંટણી તરીકે અશ્વિન ગોહેલ અને કારકુન ચૂંટણી તરીકે જલ્પેશ બાબરીયા જેવા યુવા, ઉત્સાહી, હોશિયાર, સારૂં કામ કરવાની ધગશવાળા બંને મિત્રો મળ્યા હતા. ખંભાળિયાની ચૂંટણી કરવી એ અમારા માટે ખૂબ જ મોટી ચેલેન્જ હતી. પરંતુ અમે ત્રણેય મિત્રોએ સાથે મળીને આ કામગીરી સુપેરે પાર પાડવાનું બીડું ઝડપી લીધું. ગોહિલભાઈ હાજર થયા કે તરત જ અમે સૌથી પહેલા સ્ટાફની ડેટા એન્ટ્રી કે જેમાં અમારા આવ્યા પહેલાં ખૂબ જ ગોટાળા થયેલા હતા તેને વ્યવસ્થિત કરવાની કામગીરી કરવા લાગ્યા. રાત્રિના લગભગ ત્રણ વાગ્યા સુધી અમે સતત દસ દિવસ સુધી કામ કર્યુ. ત્યારે અમે ૯૫ ટકા આ કામને ચોખ્ખું કરી શકયા.

આવા સમયે ઘણી વખત એવા વિચાર આવે છે કે આ ચૂંટણીપંચને કે અમારા મહેસૂલ વિભાગના હોનહાર અધિકારીશ્રીઓને શા માટે એવો વિચાર નહીં આવતો હોય કે ચૂંટણી થવાની શકયતા હોય એના છ થી આઠ મહિના પહેલાં અધિકારીઓના બદલીના ઓર્ડર કરી નાખવા જોઈએ. જેથી ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવનારા નાયબ કલેકટરો અને મામલતદારોને જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ, મતદારોની પરિસ્થિતિ, ભૂતકાળ માં થયેલ મતદાનની જાણકારી, ક્રિટિકલ મતદાનમથકો, અલગ-અલગ કર્મચારીઓમાં રહેલી આવડતો અને આ સિવાય તો બીજું ઘણું બધું છે કે ચૂંટણી કરતાં પહેલાં જાણવું ખૂબ જરૂરી છે તે જાણવાનો સમય મળે. ખાસ તો અગાઉના અધિકારીઓએ કરેલા બોગસ અને બગાડેલા કામને ચોખ્ખું કરવાનો સમય મળી રહે. બને છે એવું કે ચૂંટણી સમયે માત્ર બે-અઢી મહિના પહેલા અધિકારીઓના બદલીના હુકમો કરવામાં આવે. પેલો અધિકારી નવી જગ્યા પર હાજર થાય કે તરત જ ચૂંટણીના કામમાં અને ઉપર જણાવેલ બાબતોની જાણકારી મેળવવામાં જોતરાય જાય. તેની સાથોસાથ રેવન્યૂના બીજા પ્રશ્નો પણ હંમેશા નવા અધિકારીઓ હાજર થાય એટલે ઉદ્ભવતા જ હોય. તેમાં સમય આપવો પડતો હોય છે. આ સાથે સામાન ફેરવવો, પરિવારને લાવવો, બાળકોના એડમિશન અને ભાઈ આવી તો કેટલીય મુશ્કેલીઓ અમને ફિલ્ડના અધિકારીઓને ભોગવવી પડતી હોય છે કે જેની સચિવાલયમાં બેઠેલા સાહેબોને દરકાર હોતી નથી.

હું ખંભાળિયા હાજર થયો તે ધનતેરસનો દિવસ હતો. હાજર થતાં જ સૌથી પહેલા ફટાકડા એસોસિએશન એક રાજકીય ફોલ્ડરિયાને લઈને મારી પાસે આવ્યા. મને કહે સાહેબ માર્ચ મહિનાથી આજદિન સુધી અમારા લાયસન્સ એમને એમ પડયા છે. કોઈ નિર્ણય લીધો નથી. દિવાળી આવી ગઈ. અમારે કોઈ પણ સંજોગોમાં લાયસન્સ આજે જોઈએ જ. હવે લાઈસન્સ માટેની ફાઈલ મગાવી અને જોયું તો અધૂરી ફાઈલ કે જેમાં માત્ર પોલીસનો અભિપ્રાય હતો. તલાટી-સર્કલની સ્થળ તપાસણી, પંચ રોજકામ, આસપાસના વેપારીઓના તેમની હાજરીમાં લેવામાં આવેલ નિવેદનો, નગરપાલિકાના ફાયર બાબતનો અભિપ્રાય વગેરે કાગળો આ ફાઈલમાં હતા નહીં. હાજર થતાં જ મારા પર લાયસન્સ રીન્યૂ કરી આપવાનું રાજકીય પ્રેસર શરૂ થઈ ગયું. હું અમારા ખંભાળિયા કામ કરી ગયેલા મિત્રોની પરિસ્થિતિ બરોબર સમજવા લાગ્યો. પરંતુ અનુભવે મને એવું લાગ્યું કે નવી જગ્યા પર હાજર થતા તરત જ કોઈની સાથે પંગો લેવો વાજબી નથી. નુકસાન મને જ જશે. આમ પણ પ્રમોશન કદાચ હવે આપશે. એટલે હમણાં થોડો સમય તો શાંતિ જાળવી જવી. (જો કે પછીથી મને ખબર પડી કે પ્રમોશન તો ઠીક પરંતુ મને નોકરીમાંથી ફરજમુકત કરવાનો કારસો મારા જ સચિવાલય કેડરના સચિવો આ સમયે ઘડી રહ્યા હતા.)

મેં એવું પણ વિચાર્યુ કે મારી પહેલાના અધિકારીઓ કેવા હશે કે જેમણે આ બિચારાઓના લાઈસન્સ પર આઠ મહિના પૂરા થવા છતાં કોઈ નિર્ણય લીધો નહીં. ભૂલ અમારી કચેરીની ગણાય એટલે મેં આ વેપારીઓની દિવાળી બગડે નહીં એટલે એમના પર દયા ખાઈને મારા રિસ્ક ઉપર એમને લાયસન્સ એક વર્ષ માટે રીન્યુ કરી આપ્યા. આ ફાઈલો પર સહી કરતી વખતે મને એવો ખ્યાલ ન હતો કે આ ફાઈલ જ ભવિષ્યમાં ખંભાળિયાથી મારી બદલી અને ફરજ પરથી કાયમ માટેની મારી બરતરફી માટે કારણભૂત બનશે !!!

**(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્નવ લિખિત 'તેજોવધ' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે.)**


<u>પ્રકરણ-૧૪૧</u>

**મસ્તી ભરા હૈ શમા.. હમ તુમ હૈ..દોનો હૈ યહાં.. બાહો મેં આજા દિલ મેં સમા જા.. છૂલે ઝમી આસમાન..**
**'આંસુ, ભરી હૈ.. યે જીવન કી રાહે.. કોઈ ઉન સૌ કેહ દે હમે ભૂલ જાયે'**

પ્રિય વાચક મિત્રો,

મનુષ્ય જન્મ લે છે, ત્યારે એટલે કે એક બાળકમાં સારા અને નરસા ગુણો હોય છે ?, કોઈ ઉચ્ચ વર્ણમાં જન્મ લેનાર, અથવા કોઈ ધનવાન પરિવારમાં જન્મ લેનાર બાળકમાં જ સંસ્કાર અને ખુમારી હોય, અને નાના વર્ણ કે ગરીબ પરિવારમાં જન્મ લેનાર બાળકમાં સંસ્કાર અને નૈતિકતાના હોય તેવું બની શકે ? જવાબ છે ના.... આપણે ઘણા કિસ્સા જોઈએ અને વાંચીએ છીએ કે અમીર ખાનદાનના યુવક અથવા યુવતી નશાની લત અને અસામાજિક પ્રવૃતિમાં જોડાઈ ગયા હોય છે, કોઈ નશાની હાલતમાં બેફામ કાર ચલાવી માસૂમ લોકોની હત્યા કરતાં હોય છે, તો કોઈ નશાની હાલતમાં તેના પિતાની દૌલત અને મોભાની વગના આધારે જાહેરમાં ગેરકાનૂની કામ કરતાં પણ જોવા મળે છે, તો ધનિક પરિવારમાં જન્મ લઈ તે બાળક યુવા થતાં, કેમ આવું વર્તન કરે છે ?, દરેક ધનિક પરિવારના બાળકો અને યુવાઓ આવા નથી હોતા, તેમાં પણ સંસ્કાર અને નૈતિકતા જીવંત હોય છે, જે સમાજને નવી રાહ તરફ લઈ જતાં હોય છે કે સમાજલક્ષી સારા કાર્યો કરતાં હોય છે.

એજ રીતે એક ગરીબ કે નિમ્ન વર્ણમાં જન્મ લેનાર બાળક ગુનેહગાર જ બને તેવું શકય નથી, આપણે વર્તમાન પત્રોમાં વાચીએ છીએ કે, એક ગરીબ માતા પિતાનું સંતાન અભ્યાસમાં તેજસ્વી બની બોર્ડમાં પ્રથમ ક્મે આવી તેમના માતાપિતાની આબરૂને ઉજાગર કરતાં હોય છે, ઉદાહરણ રૂપ કહું તો, હમણાંની આઈપીએલના ખેલાડી જે, કે કે આરમાં રમતા હતા, તે એક ગરીબ પરિવારથી આવતા હતા, અને આઈપીએલની





આ સીજનમાં તેઓ એક નામાંકિત ખેલાડી તરીકે ઊભરી આવ્યા, હું રીંકુ સિંગની વાત કરૂં છુ, તે તમો સમજી ગયા હશો, કહવાનો અર્થ એ છે કે બાળકનું જતન કેમ થાય છે, તેને કેવા સંસ્કારનું સિંચન થાય છે, તેના પર તેની પ્રગતિ જોવા મળે છે, ગરીબ પરિવારોના બાળકોને યોગ્ય સિંચન સંસ્કારના મળે તો તે પણ અવળા રસ્તે જતાં હોય છે, વાત અમીર ગરીબ કે ઉચ્ચ અને નીચ વર્ણની નથી, પણ બાળકનું પાલન, તેને આપતા સંસ્કાર, તે બાળકને સાચા અર્થમાં સારા આદર્શવાદી, યુવાન બનાવે છે. અને તે છે તેની <u>**પરવરીશ :**</u> આવી કહાની લઈ રાજકપૂરની ફિલ્મ ૧૯૫૮માં આવી.

નાસિર એક ખાનદાની ઠાકુર પરિવારથી છે, તેની પત્ની લલિતા ઘણા સમયે એક બાળકને જન્મ આપે છે, તેજ સમયે એક ગણિકા એક બાળકને જન્મ આપે છે, હોસ્પિટલમાં આગ લાગે છે, અને નર્સ નવજાત બંને શિશુઓને એક જ ઘોડિયામાં રાખે છે, નાસિર જયારે પોતાનું બાળક લેવા જાય છે અને નર્સને પૂછે છે કે તેનું બાળક કયૂ છે ? તો નર્સ યોગ્ય જવાબ આપી શકતી નથી, અને બંને બાળકોમાંથી પોતાના બાળકને ઓળખી ના શકતા નાસિર બંને બાળકોને તેના ઘરે લઈ જાય છે, પણ બે માંથી એક પણ બાળકને તે પિતાનો પ્રેમ આપી શકતો નથી, કારણ કે તે બાળકને પ્રેમ આપવા જાય છે અને તેને તે બાળક ગણિકાનું બાળક લાગે છે, જયારે માતા લલિતા જે એક બાળક માટે તરસ્તી હતી, તે બન્ને બાળકોને તેના જ બાળકો માની તેનું જતન કરવા લાગે છે, તેને મન બન્ને બાળકો તેના જ છે. ગણિકાનો ભાઈ રાધાકૃષ્ણન એટલે કે ફિલ્મના મામાજી. નાસિર પાસે આવે છે, પણ તેનો ભાણિયો કોણ ? તે જવાબ આપી શકતા નથી, ત્યારે નાસિરના મિત્ર કૃષ્ણકાન્ત બાળકોને યુવાન થવા દેવાનું કહે છે, અને કહે છે કે યુવાન થતાં, નીચ વર્ણનું લોહી તેના લક્ષણ બતાવી દેશે. સાથે સમાજમાં નાસિરની બદનામી થતાં તેની પુત્રીને બન્ને માંથી નાસિરનો જે પુત્ર હશે, તેની સાથે લગ્ન કરી દેવાનું વચન આપે છે. સમય સાથે





બન્ને બાળકો યુવા થાય છે, એક રાજકપૂર અને એક મેહમુદ, પણ માતા લલિતાના સંસ્કારો બન્ને યુવાનોમાં જોવા મળે છે, બન્ને સંસ્કારી અને વિનમ્ર છે, ત્યારે નાસિર દુખી થાય છે, તે આજ સુધી બન્ને માંથી કોઈ એકને પણ પિતાનો પ્રેમ આપી શકયો નથી.

ત્યારે, પિતાને દુખી જોઈ રાજ નિર્ણય કરે છે, કે તે ગણિકાના દીકરાના અવગુણની માફક વર્તન કરી, તેને ગણિકાનો પુત્ર સાબિત કરી દેશે, પણ મેહમુદ આ વાતમાં સમંત થાય છે, પણ ગણિકાનો પુત્ર તે બનશે તેવી ઝીદ કરે છે, બન્ને ભાઈઓનો પ્રેમ ચરમ સીમાએ છે, ત્યાગની ભાવના મજબૂત છે, પણ રાજ મેહમુદને દુખી કરવા માગતો નથી, અને બન્નેની સમજૂતી મુજબ, ભગવાન પાસેનો દીવો જેનો પ્રથમ બુજાઈ તે ગણિકા પુત્ર બનશે તેવું નક્કી થાય છે, રાજ જાતેજ દિપક બુજવી દે છે, અને ઘરમાં ચોરી કરે છે તેના પિતાની વિટી પણ ચોરી લે છે, અને જાહેરમાં કલબમાં શરાબ પીવાનું નાટક કરી, જુગાર રમે છે, મારા મારી કરી પોલીસના હવાલે થાય છે, અને નાસિર તેને ગણિકા પુત્ર સમજી ઘર બહાર કાઢી મૂકે છે, હવે નાસિર ખુશ છે, મેહમુદને પોતાનું સંતાન માની તેના મિત્ર કૃષ્ણકાન્ત પાસે તેની દીકરી માલાના લગ્ન મેહમુદ સાથે નક્કી કરે છે.

પણ માલા રાજને ચાહે છે, તે વાત તે કૃષ્ણકાન્તને કહે છે, બીજી તરફ મેહમુદ રાજ અને માલાના સંબંધોથી વાકેફ થાય છે અને લગ્નની ના કહે છે, આ પરિસ્તીથીમાં કૃષ્ણકાન્ત ઘાયલ થાય છે, અને તેને લોહીની જરૂર પડે છે, જે રાજ આપે છે, કૃષ્ણકાન્ત રાજની સચ્ચાઈ જાણ્યા બાદ માલાના લગ્ન રાજ સાથે નક્કી કરે છે, પણ નાસિર ત્યાં પહોચી રાજને બંધુકથી ઘાયલ કરે છે, રાજની સચ્ચાઈ જાણ્યા બાદ નાસિરને પસ્તાવો થાય છે, અને બન્ને રાજ અને મેહમુદને તેના સંતાન રૂપે સ્વીકારે છે, અને માને છે કે બાળકને સાચી પરવરીશ જ મહાન બનાવે છે.

આવી નવીન કહાની સાથેની ફિલ્મ 'પરવરીશ' તે સમયની સાતવા નંબરની સુપર હિટ ફિલ્મ હતી. આ ફિલ્મ એસ.બેનર્જીના નિર્દેશન અને મહિપત રાય શાહના નિર્માણમાં રાજ કપૂર, માલાસિંહા, નાસિર હુસેન, કૃષ્ણકાન્ત, રાધાકૃષ્ણન, લલિતા પવાર અને મેહમુદથી અભિનીત અને હસરત જઈપૂરીના ગીતો, દતા રામના સંગીતમાં મન્નાડે, લતાજી, આશાજી, સુધા મલ્હોત્રા, રફી સાહેબ અને મુકેશજીના મધુર ગીતોથી યાદ કરાય છે. ફિલ્મના ગીતોમાં, 'મસ્તી ભરા હૈ શમા.. હમ તુમ હૈ દોનો યહાં.. બાહો મે આજા.. દિલ મે સમાં જા છૂલે ઝમી આશમાં... ગીત તે સમયે અને આજેપણ લોકપ્રિય ગીતની યાદીમાં છે, આ કોલમમાં વડીલ વાંચકો પણ છે, જે આ ગીતના શબ્દો વાચ્યા બાદ ઝૂમી ઉઠયા હસે જ તેમાં શંકાને સ્થાન નથી, બીજા યાદગાર ગીતમાં 'મુકેશજીના સ્વરમાં 'આંશું ભરી હૈ.. યે જીવન કી રાહે કોઈ ઉન સે કહદે હમે ભૂલ





જાયે.. આંશું ભરી હૈ.. આ ગીતના દર્દ ભર્યા અન્ય શબ્દો છે, બરબાદીઓ કી અઝબ દાસ્તાન હું, શબનમ ભી રોયે, મે વો આશમાં હું. તુમ્હે ઘર મુબારક, હમે અપની આહે.. કોઈ ઉન સે કેહ દે.. હમે ભૂલ જાયે... જે સાંભળતા અને મુકેશજીના દર્દ ભર્યા સ્વરથી રૂવાડા ઊભા કરી શકવા સમર્થ છે. અન્ય ગીતમાં 'રફી સાહેબ અને મન્નાના ડે ના સ્વર માં 'આ મામા' ગીત પણ કર્ણ પ્રિય છે. દતા રામ એ સંગીતકાર શંકર જયકિશનના સહાયક હતા, અને ઢોલક અને તબલામાં તેમની માસ્ટરી હતી, શંકર જયકિશનના સહયોગથી તેઓ સ્વતંત્ર સંગીતકાર બન્યા હતા, અબ દિલ્લી દૂર નહીં, તેમની પ્રથમ ફિલ્મ હતી, પણ હિન્દી સિનેમામાં તેઓ વધુ સફળ રહ્યા ના હતા.

રાજની એક બીજી ફિલ્મ સુપર હિટ રહી, જે રમેશ સાઈગલના નિર્દેશનમાં અને નિર્માણમાં, રમેશની કહાની, સ્ક્રીન પ્લે, નિરંજન ચૌહાણની અડિટિંગ અને કૃષ્ણ સાઈગલની સિનેમા ઓટોગ્રાફીમાં ખૈય્યામના સંગીતમાં ફિલ્મ 'ફીર સુબહા હોગી' સુપર હિટ સાબિત થઈ. રમેશ સાઈગલ એક નામાંકિત નિર્માતા નિર્દેશક તારીખે સ્થાપિત થઈ ચૂકયા હતા, આ ફિલ્મમાં સંગીતકાર ખૈયામ છે, ખૈયામનું નામ મોહમંદ જાહિર ખૈયામ હતું, ખૈયામ આર્મી છોડી, શર્માજી અને વરમાજીના સંગીત સહાયક બન્યા હતા, તેઓ વાયોલિન સરસ વગાડી શકતા હતા, ફિલ્મ 'ફીર સુબહા હોગી' તેમના સંગીત નિર્દેશનની સફળ ફિલ્મ સાબિત થઈ હતી, પણ હજુ સંઘર્ષ બાકી હતો, પણ શાસ્ત્રીય સંગીતમાં ખૈયામનું નામ અલગ સન્માનથી લેવાય છે, જેની વાત આગળ ઉપર કરીશું. આગામી અંકમાં રાજ અને દિલિપ સાથે મળીશું. આભાર.

# સમજણ એ જ નારાયણ

**મસ્તી વધી ગઈ તો વિરકિત વધી ગઈ,**
**ઘેરો થયો ગુલાલ તો ભગવો થઈ ગયો.''**
**- જવાહર બક્ષી**

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આયોજિત સત્સંગો, રવિસભાઓનો લાભ લેવાનું સદભાગ્ય સાંપડયું છે. અનેક સમર્થ સંતો, મહંતોના આશીર્વચનો અને સત્સંગથી જીવને એક શાંતાનો, નીરાંતનો અનુભવ થતો રહયો છે.

પુજય દાદાજી - પાંડુરંગ શાસ્ત્રીજી દ્વારા પ્રેરીત અને સંપાલિત સ્વાધ્યાય કેન્દ્રોનો, બેઠકોનો પણ ખુબ લાભ મળ્યો છે.

અઠવાડિયાનાં છ દિવસ મારૂ-તારૂં, લાભ-ગેરલાભ, નફો - નુકશાન, ગમા - અણગમાનો વજન ઉપાડીને



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૯૪ - અમરેલી

ફરતો માણસ ૨૪×૭-૧૬૮ કલાકમાંથી ફકત બે કલાક સત્સંગમાં બેસે અને જો તનાવમુકત થઈ, હળવો ફુલ બની શકતો હોય તો, કલ્પનાં કરોકે જેમનું જીવનધ્યેય, જીવનમંત્ર જ સત્સંગ હશે, તેમની અવસ્થા, કક્ષા અને વિચારોનો દ્રષ્ટિકોણ કયા પ્રકારનો બની જતો હશે ?

સંસારી માણસ તરીકે આ અવસ્થાને સમજવી દરેક માટે આસાન નથી... માત્ર બે જ કલાકનો સત્સંગ જો મને અને તેમને મોહ, માયા અને વળગણોથી મુકિત માટે વિચારવા પ્રેરતો હોય તો.. જેમણે ભકિતમાર્ગ - કલ્યાણમાર્ગનો ભેખે જ પહેરી લીધો છે. તેમની વિચારશરણી, જીવનશૈલી કેટલી અદ્ભૂત કક્ષા પ્રાપ્ત કરી લેતી હશે ?!

વંદનીય સંત પુ. કૃષ્ણપ્રિય સ્વામીજીએ દ્રષ્ટાંત આપતાં કહેલું કે 'એક વખત પૂ. યોગીજી મહારાજ ધ્યાનમાં બેઠા હતા. અને એ જ વખતે ભાવનગરનાં રાજાનો લગ્નપ્રસંગ હોવાથી તેમનું રજવાડી ઢબનું ફલેકુ, રોડ ઉપરથી પસાર થાય છે.

માનવ સ્વભાવને વશં થઈને સૌ કોઈ મહારાજ પોતે સુજજ ધજજ થઈને નીકળ્યા હોય છે. તે જોવા માટે, ઝલક મેળવી લેવા માટે તલપાપડ થઈને પ્રસંગના દર્શન, ઝાંખી મેળવવા દોડે છે.

કોઈ પૂ. યોગીજી મહારાજને પણ કહે છે કે, ''ચાલો તમારે આ દ્રશ્ય નથી જોવું ?!?

ત્યારે યોગીજી મહારાજ સાવ સરળ ભાષામાં જવાબ આપતાં કહે છે કે, ''જે સંસારનો ત્યાગ કરી દીધો, એનો પછી જોવાનો પણ શું 'મોહ રાખવો ???''

આ છે. ભગવી અવસ્થાની તાકાત અને મહતા !!

''તૂટી કલામ તો આંગળીનાં ટેરવે લખ્યું :
તેથી જ રાતી ઝાંય છે, મારા બયાનેમાં. -

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)


ભાગ–૨૩

## હાઈબ્લડપ્રેશર ભાગ ૩

**હાઈબ્લડપ્રેશરનું નિદાન અને તપાસ :**

આજથી લગભગ ત્રણેક વર્ષ પહેલા હંસાબેન, ઉંમર પર વર્ષ (દર્દીનું નામ બદલાવેલ છે) મારી પાસે તેના વાળની સમસ્યાને લઈ દવા લેવા આવ્યા હતા, હંસાબેનની ફરીયાદ એવી હતી કે તેના વાળ આખી લટુને લટુ સાથે ખરે છે, માથામાં ટાલ જેવું થઈ ગયું હતું, કેટલી બધી વાળ માટે વિટામીનની દવાઓ, જાતજાતના શેમ્પુ, તેલનો ઉપયોગ કર્યો પણ વાળ ખરવામાં કોઈ ફેર જ પડતો નથી, મારા સગાએ મને વાળ માટે પંચકર્મ (શીરોધારા) કરવાનું કહ્યું એટલે તમારી પાસે આવી છું. મેં હંસાબેનની વાત શાંતીથી સાંભળી ડોકટરે આપેલી દવાઓ જોઈ એમાં જાતજાતની વિટામીન્સની દવાઓ હતી, મેં હંસાબેનનું બ્લડપ્રેશર ચેક કર્યુ તો બી.પી.૧૮૦/૧૧૦ આવ્યું , મેં દશેક મીનીટ બેનને બેસવાનું કહ્યુ, ફરી પાછુ બી.પી. તપાસ્યુ તો પણ એટલું જ આવ્યુ. બેનને મે પુછયું કે બી.પી. માટે કોઈ દવા લો છો ? બેન મને કહે સાહેબ મને કોઈદી બી.પી.ની કાંઈ તકલીફ જ નથી થઈ તો દવા કયાંથી લઉં ! મેં પુછ્યુ બેન આ વાળની આટલી બધી દવા લીધી છે તો કયારેય બી.પી. ચેક નથી કર્યુ, તો કે ના સાહેબ ડોકટર પાસે જાવ એટલે મને જોઈ વાળ ની દવા, લોશન, શેમ્પુ આવુ બધુ લખી દે, મેં કહ્યુ બેન તમારૂ બી.પી. બહુ વધારે આવે છે અને કદાચ તમારી આ વાળની સમસ્યાનું કારણ પણ બી.પી. જ છે. બેન કે સાહેબ પણ મને આજ દિવસ સુધી કોઈદી માથું નથી દુખ્યુ, કોઈદી ચક્કર નથી આવ્યા તો મને બી.પી. કયાંથી હોય ? બેનને બહુ સમજાવ્યા કે તમારૂં બી.પી. વધારે છે એટલે તમારે અમુક રીપોર્ટસ કરાવવા પડશે અને બી.પી.ની દવા નિયમીત લેવી પડશે. બેન કોઈ રીતે મારી વાત સાથે સહમત ન થયા તેમના પતી સાથે આવ્યા હતા તેમને પણ મે સમજાવ્યા કે હંસાબેનને બી.પી. માટે દવા અને બીજા રીપોર્ટસની જરૂર છે. હંસાબેનના પતિ કહે સાહેબ બાયુને શું ટેન્શન હોય કે બી.પી. વધે ?, તમે એને વાળ માટે કાઈ તેલ–બેલ આપી દો ને, અમારે આવા વહેમમાં નથી પડવુ, પછી કાયમ બી.પી.ની દવાની ટેવ પડી જાય, હંસાબેનનું ઘર આર્થીક રીતે ખુબ સધ્ધર હતું, પણ આવી બધી તપાસને દવાઓ તેમને ખોટો ખર્ચ હોય તેવું તેની વાત પરથી લાગ્યું. પછી કયારેય હંસાબેન મારી પાસે આવ્યા નહી, લગભગ ત્રણેક મહીના પહેલા હંસાબેનના પતિ મારી પાસે ગોઠણના દુખાવા માટે દવા લેવા આવ્યા, તેમણે સામે થી જ વાત કરી કે સાહેબ એક વર્ષ પહેલા મારા પત્ની કીડની ફેઈલ થઈ જવાને કારણે ગુજરી ગયા.

**હાઈબ્લડપ્રેશરના દર્દીઓની સૌથી મોટી કમનસીબી એ હોય છે કે મોટાભાગના દર્દીઓમાં હાઈબ્લડપ્રેશરને ઓળખી શકાય એવાં કોઈ લક્ષણો કે ચિહનો દેખાતા નથી, એટલે જ હાઈબ્લડપ્રેશરને સાયલેન્ટ કીલર કહેવાય છે.** હાઈબ્લડપ્રેશરના બહુ જ થોડા દર્દીઓને માથું ભારે થવું, ચક્કર આવવા, કાનમાં તમરાં બોલતાં હોય એવો અવાજ સંભળાવો, નસકોરી ફુટવી, અશકિત લાગવી, છાતીમાં ધડકન વધી જવી વગેરે જુદા જુદા પ્રકારની તકલીફો થઈ શકે. આવી તકલીફો હાઈબ્લડપ્રેશર સિવાયના પણ અનેક રોગોમાં થઈ શકે એટલે માત્ર તકલીફોને આધારે જ હાઈબ્લડપ્રેશરના નિદાન પર પહોચવું ખુબ મુશ્કેલ



ડો. ભાવેશ કે. મહેતા
અમરેલી

હોય છે. **મોટાભાગના હાઈબ્લડપ્રેશરના દર્દીઓનું નિદાન આકસ્મિક જ રૂટીન દાકતરી તપાસ દરમ્યાન, બ્લડપ્રેશર માપતી વખતે થાય છે.** બાકીના અમુક દર્દીઓમાં તો છુપો કાતિલ જયારે નકાબ ચીરીને બહાર આવી જાય છે ત્યારે હાઈબ્લડપ્રેશરને કારણે પેરાલિસિસ, હાર્ટએટેક કે કિડની ફેઈલ થઈ જવી જેવાં કોમ્પ્લિકેશન થઈ ગયા પછી જ હાઈબ્લડપ્રેશરનું નિદાન શકય બને છે.

એકવાર હાઈબ્લડપ્રેશરનું નિદાન થાય એ પછી એનાથી કેટલું નુકશાન થયું છે એ જાણવા માટે અને હાઈબ્લડપ્રેશર થવાનું કારણ મળે તો એ શોધવા માટે અન્ય કેટલીક તપાસો કરવામાં આવે છે. હૃદયની કામગીરી વ્યવસ્થીત ચાલે છે કે નહિ એ જોવા માટે સ્ટેથોસ્કોપથી સાંભળવા ઉપરાંત ઈ.સી.જી. કરવામાં આવે છે.

હાઈબલડપ્રેશરના લગભગ દરેક દર્દીને આંખના ડોકટર પાસે આંખનું ચેક–અપ કરવા માટે મોકલવામાં આવે છે. ઓપ્થેલ્મોસ્કોપ નામના સાધન વડે આંખના નેત્રપટલ પર આવેલ રકતવાહિનીઓની સીધી તપાસ વડે હાઈબ્લડપ્રેશરે મચાવેલ ઉત્પાતનો પુરો ખ્યાલ મળી શકે છે.

કિડની બરાબર ચાલે છે કે નહી એ જાણવા માટે પેશાબ ઉપરાંત લોહીમાં યુરિયા, ક્રીએટીનની તપાસ કરવામાં આવે છે, આ તપાસથી ખબર પડી શકે છે કે લોહીનો કચરો કિડની દ્વારા પુરતા પ્રમાણમાં સાફ થાય છે કે નહી.

આ ઉપરાંત હાઈબ્લડપ્રેશરની સાથોસાથ ઘણીવાર ડાયાબીટીસ સંકળાયેલો હોવાથી, લગભગ દરેક દર્દીના લોહી અને પેશાબની સુગર પણ તપાસ કરાવી લેવી જોઈએ.

આમ, એક વાર હાઈબ્લડપ્રેશરની બીમારીનું નિદાન થાય એટલે આવા અનેક જાતના ટેસ્ટ કરાવવા જરૂરી બની જાય છે. શરૂઆતના તબક્કામાં એક વખત કરાવી લીધેલ આ ટેસ્ટને ભવિષ્યમાં કોઈ કોમ્પ્લિકેશન ઉભું થાય ત્યારે , પાયાના આધાર તરીકે ગણીને કોમ્પ્લિકેશન વખતે કરેલા નવા ટેસ્ટ સાથે સરખાવી શકાય છે.

**બ્લડપ્રેશર વધવાનું કારણ જાણવાની તપાસ કોણે કરાવવી :**

– ખુબ નાની ઉંમરે બ્લડપ્રેશર વધારે હોય તો.

– દવાઓ લેવા છતાં બ્લડપ્રેશર કાબુમાં ન આવતું હોય.

– ખુબ ઉચું (૧૮૦/૧૧૦ કરતાં વધુ) બ્લડપ્રેશર

– અચાનક વધી ગયેલ બ્લડપ્રેશર માટે.

**બ્લડપ્રેશરના દરેક દર્દીએ કરાવવાની દાકતરી તપાસો :**

– ઉંચાઈ, વજન, કમ્મર અને થાપાનો ઘેરાવો, આંખના પડદાની તપાસ, ગળા–પેટ અને હાથ–પગની ધમનીઓની તપાસ હદયની તપાસ

**બ્લડપ્રેશરના દરેક દર્દીએ કરાવવાની લેબોરેટરી તપાસો :**

ઈ.સી.જી., પેશાબની તપાસ, લોહીમાં ક્રીએટીનની તપાસ, કોલેસ્ટેરોલ, બ્લડસુગર

(ક્રમશઃ)

# ગુરૂતિય પદ બંદિ પ્રભુ, સીતા લખન સમેત !

તે ભાઈઓ પાસેથી જાણવા મળ્યુ કે, પ્રતિષ્ઠા ઉત્સવ પર ભગવાનની આજ્ઞા છે કે દરેક ભાઈ બહેનોને જરૂર ચિત્રકુટ આવવાનું છે. જેની પાસે સગવડ ન હોય તેમણે કરજ કરીને પણ આવવું કારણ શ્રી રઘુનાથજી સાક્ષાત બિરાજમાન થશે. પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં નિમંત્રણ માટે છપાયેલ પત્રિકાઓમાં પણ આ સુચન જાહેર કરવામાં આવેલું. હવે તો રામનવમીનાં શુભ દિવસો નજીક આવી રહયા હતા. મન તો કયારનુંય ચિત્રકુટ જવા આતુર હતું, ચિત્રકુટથી પૂ.ચંદુબહેનનો પત્ર પણ જલ્દી બોલાવવા માટે આવી ગયો. હું કુંટુબીજનો કરતા વહેલી નાનાભાઈ જયંતીને સાથે લઈ ચિત્રકુટ જવા નીકળી. આ રીતે પ્રથમવાર જ એકલા ચિત્રકુટ જવાનો પ્રસંગ હતો. રાત્રે બાર વાગ્યાની ટ્રેનમાં જયપુરથી બાપુજી મહિલાઓનાં ડબ્બામાં બેસાડી ગયા. સવારે સાત વાગે ઈદગાહ સ્ટેશન ઉતરવાનું હતું. ત્યાંથી આગ્રા કેન્ટ સ્ટેશન થઈ બપોરે ઝાંસી પહોચ્યા. સાંજે પાંચ વાગે માણેકપુર જતી પેસેન્જર ગાડીથી કર્વી જવા નીકળ્યા. પેસેન્જર ગાડી નાના નાના સ્ટેશને ઉભી રહેતી. અમારા ડબ્બામાં કોઈ હતું નહિ. અમારી સામે બે જુવાન છોકરાઓ બેઠા હતા. ગાડી ઉપડતા ધીરે ધીરે તેમણે ગમે તેમ બોલી તોફાન મસ્તી ચાલુ કર્યા. સિનેમાના ગીતા ગાતા હતા. મારૂં રામનામ લેખન ચાલુ હતું. મહુ સ્ટેશન આવતા એક મિલિટ્રીનો માણસ તે ડબ્બામાં આવ્યો. તેણે ) આ લોકોનું વર્તન જોયું. બંને યુવાનોને ધમકાવી બીજા સ્ટેશને ઉતારી મૂકયા. સાંજે સાત–આઠનો સમય હતો. જયંતી સુઈ ગયો. પેલા એકલા માણસને જોઈ ક્ષણવાર વિચાર આવ્યો કે આ માણસ પણ કેવો હશે ? પછી થયું ભગવાન મોકલી આપશે. અંધારૂ થતાં રામનામ લેખન બંધ કરી માળા કરતી બેઠી હતી. રાત્રે લગભગ અગિયાર વાગે બાંદા સ્ટેશન આવતા પેલા ભાઈ ઉતરી ગયા. વિચાર થયો ડબ્બામાં કોઈ નથી મને પણ ઉંઘ આવી જશે તો કર્વી સ્ટેશન આવશે તેનો ખ્યાલ નહી રહે. થોડીવારે પચીસેક વર્ષની ઉંમરનાં એક સજજનભાઈ સાથે એક બહેન અને ત્રણચાર બાળકો આવ્યા. ગાડી ઉપડતા તે ભાઈએ કહયું. 'બહેનજી અબા આપ સો જાવ, મૈ આપકે સામાનકી દેખભાલ કરૂંગા. યહુ મેરી ભાભીજી હૈ ઔર યહ ઉનકે બચ્ચે હૈ આપકો કહાં જાના હૈ ?'' મેં કહયું, 'કર્વી'' તેમણે કહયુ, 'અચ્છા, હમેં ભી કર્વી જાના હૈ ઔર આપ ચિંતા કિયે બિના સો જાઈએ.'' રાત્રે અઢી વાગે

ગુરૂ પિતૃ માતુ બંધુ પતિ
દ્રેવા, સબ મોહિ કહ જાને દ્રઢ સેવા !

કર્વી ઉતરતા નાનું સ્ટેશન હોવાથી કુલી મળે નહીં, તે ભાઈએ સામાન ઉપાડવામાં મદદ કરી વેઈટીંગ રૂમ ખોલાવી તેમનાં કુંટુંબીઓ સાથે અમને ત્યાં રહેવાની સગવડ કરી આપી. હું નાહીને મારા નિયમમાં બેસી ગઈ. સવારે છ વાગતા સીતાપુર બસ માટે ગયા તેટલામાં તો ભગવાનની ગાડી ત્યાંથી પસાર થતાં ગાડીમાં જ તેઓનું કર્વીમાં થોડું કામ પતાવી નવ વાગ્યાની આસપાસ જાનકીકુંડ પહોંચી ગયા. જાનકીકુંડ પહોંચતા અમુક ગંભીર સંજોગોને કારણે તરત જ ભગવાનનાં દર્શન થવા મુશ્કેલ હતા.

બપોર પછી ભગવાનનાં દર્શન થયા. મને એમ હતું કે ભગવાનને મૌન છે. પરંતુ સંજોગવશાંત્ બે વર્ષનું

પ્રણતારતિ મોચન
ફાગણ વદ ચૌદસ ૧૯૬૧

? તુરત જ સુદ્રઢ રીતે પદ્માસનમાં બેસી ગયા. મને સામે બેસાડી પદ્માસન કરવા

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

મૌન પુર્ણ થતાં પહેલા જ છોડી દીધેલું. પ્રણામ કરતા બોલ્યા, ''અરે તુમ આ ગયી ? કબ આયી ?'' ''સુબહ'' અચ્છા રાસ્તેમેં ગભરા ગઈ થી કયો ? પર દેખો, ઉનકો ભી હટાનેવાલે શેર કે સવાશેર મિલ ગયેના ? આ જ શબ્દો ટ્રેનમાં મારા મનમાં આવેલા. ''દેખો રમા, ''વિશ્વાસ કરના મેરે સાથ રહેતે હુએ કભી ભી કિસીકી તાકાત નહીં કિં તુમ્હારા બાલ ભી બાંકા કર સકે. ''હું આ બધું સાંભળી ક્ષણવાર આશ્વર્યમાં ડૂબી ગઈ. આ સોથ સ્કુલમાં મને મુકવા આવતા એ અનુભવ યાદ આવ્યો. ભગવાન સહાય સાથે છે.

વ્યાપક બ્રહ્મ અલખ અવિનાશી...

(૧૮) કૃપા કરહું


**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)




સવારે લગભગ છ વાગ્યાની આસપાસ સ્નાન કરી રૂમમાં વાળ ઓળતી હતી. સાથેનાં ચાર પાંચ બહેનો મંદિરમાં ગયા હતા. રૂમમાં હું એકલી હતી. અચાનક દરવાજો ખુલતાં જોયું તો ભગવાન પધાર્યા ! પ્રણામ કરતાં ભગવાને દરવાજો અંદરથી બંધ કરી કહયું, 'ચલો ધ્યાન બતાતા હું.'' દુબળી પાતળી કાયા ધરાવતાં સર્વ શકિતમાન પ્રભુ માટે શું અશકય હોય કહયું. પરંતુ શરીરની સ્થૂળતા તેમ જ અભ્યાસ ન હોવાથી પદ્માસનમાં બેસવું મુશ્કેલ

ગુરૂ પદ્રપંકજ સેવા, તીસરિ ભતિ
અમાન !

હતું. ભગવાને પોતે પદ્માસન ગોઠવી આપ્યુ. ત્યાર બાદ હાથની મુદ્રાઓ બતાવી મેરૂ દંડ એકદમ સીધો રાખી બંને ગોઠણ જમીનને બરાબર અડાડી બેસતા શીખવ્યું. ત્યાર બાદ દ્રષ્ટિ પોતાની નાસિકાગ્ર પર રાખી ધ્યાન ત્રિપુટિમાં કરવા કહયું, સાથે સાથે મંત્રરાજનો બીજ મંત્ર નાભિથી ઉઠાવી હૃદયમાં સ્થિર કરી ત્રિપુટિમાં છોડવા કહયુ. આ રીતે બતાવી. ''ધીરે ધીરે અભ્યાસ બઢાનાં.'' એમ કહી જતા રહયા.

હવે તો જયપુરથી બા–બાપુજી વિગેરે આવી ગયા હતા. ભગવાને પુછયુ, 'પરષોતમભાઈ, કિતની રજા મિલી હૈ ? 'ભગવાન, હવે કાયમની રજા છે.'' તે વખતે જ બાપુજીએ નોકરી છોડી દીધેલી. જયપુરથી સ્ટેશન વેગન ગાડીમાં મુર્તિઓ ચિત્રકુટ લઈ જતા હતા. ત્યારે રસ્તામાં વાઘ મળેલો તે જોઈને મહારાજભાઈના હાથમાંથી સ્ટીયરીંગ છુટી ગયેલું અને પ્રભુકૃપાથી ગાડી સડસડાટ તેની મેળે આગળ નીકળી ગયેલી. વાઘે ગાડી પર પંજો પણ મારેલો.

ચિત્રકુટ પહોંચ્યા બાદ યુગલ સરકારની મૂર્તિ એટલી વજનદાર હતી કે છ–આઠ મજબૂત ભાઈઓ દ્વારા ગાડીમાંથી ઉતારવામાં આવેલી. પ્રતિષ્ઠાનાં મંગલ દિવસે જયારે શ્રી વિગ્રહને ધાન્યવાસમાંથી મંદિરનાં ગર્ભ દ્વારમાં પધારાવવામાં આવ્યા ત્યારે ભગવાને કહયું, 'ચલો ધીરૂ, મનહર, ઉઠાવ.'' ભગવાનનો આદેશ મળતાં બન્ને જણા આ કાર્ય માટે પોતાની અસમર્થતાનો વિચાર કરી એકબીજા સામે જોવા લાગ્યા. ભગવાને કહયું, 'અરે દેખતે કયા હો ? ચલો ઉઠાવ,'' હવે તો છુટકો જ ન હતો. પ્રભુકૃપાથી બંને જણાએ મળી વિના પરિશ્રમે મૂર્તિ અંદર પધરાવી. ભગવાને પણ સાથે મૂર્તિને સ્પર્શ કરેલો જેથી કાર્ય સુલભ બન્યું.

રામકૃપા કરિ યુગલ
નિહારે, ભયે વિગત શ્રમ પરમ સુખારે.

કોઈપણ આવા કાર્યમાં ભગવાન આ બંને મિત્રોને સાથે જ બોલાવતા તેથી બંને જણાં જયારે ભગવાનની ચરણ સેવા કરતાં ત્યારે માન સજીની આ ચોપાઈ પ્રેમથી પોતાનાં ભાવ પ્રમાણે ગુન ગુનાવતા,

બડભાંગી અંગદ હનુમાના,
ચરણ કમલ ચાંપત બિધિ નાના.

ચૈત્ર સુદ એકમથી રામનવમી સુધી નવાહૂન પારાયણ, અખંડ નામ સંકીર્તન વિગેરે ચાલુ જ હતું. આ વખતે તો શ્રીરામનવમીનાં શુભ મંગલ દિને પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવ હોવાથી અને ભગવાનનાં ભાવભર્યા નિમંત્રણથી ભીડ ખુબ જ હતી. વિધિવત યુગલ સરકારનાં શ્રીવિગ્રહની પ્રતિષ્ઠા માટે ધામધૂમથી તૈયારીઓ ચાલી રહી હતી અને શ્રીરામનવીનાં મંગલ દિવસે બપોરે બાર વાગે ભગવાનનાં પ્રાગટય સમયે ખુબ જ સુંદર રીતે ૧૦૮ દીપકની આરતી થઈ. અબીલ ગુલાલની છોળો ઉડતી હતી.

અગર ધૂપ જનું બહુ
અંધિયારી, ઉડી અબીર મનહું અરૂણારી.

દરેક વ્યકિતનાં મનમાં અપાર આનંદ ઉભરાતો હતો. સૌ કોઈને સાક્ષાત રઘુનાથજીના દર્શન માટે ઉતાવળ હતી.

શીતલ મંદ સુરભિ
બહબાઉ, હર્ષિત સુર સંતન મન ચાઉ
હૈ નીકો મેરો દેવતા
કૌશલપતિ રામ
શરદ સરોરૂહ લોચન, સુઠિ
સુંદર શ્યામ... હૈ નીકો...


તે ભીડમાં અમે ગર્ભદ્વારમાં ભગવાન સાથે યુગલ સરકારનાં ચરણ સ્પર્શનો અમૂલ્ય લાભ મેળવી રહયા હતા. ભગવાનનાં શબ્દોમાં જે જાહેરાત થયેલી કે, 'ઈસ અવસર પર સાક્ષાત રઘુનાથજી પધારેંગે.'' તે લાભ લેવા માટે સૌ કોઈ ખુબ જ આતુર અને જુદા જુદા મનોભાવ સાથે જાતજાતની કલ્પનાઓમાં ડૂબેલા હતા કે સાક્ષાત ભગવાન કઈ રીત પધારશે અને પ્રભુના દિવ્ય દર્શનનો લાભ અમને માગશે કે નહી ? ''દેખન હેતુ રામ વૈદેંહી, કહહુ લાલસા હોહિ ન કેહી.'' ૧૨ વાગે આરતી પુર્ણ થતાં કમવાર સૌ કોઈને દર્શનનો લાભ મળ્યો અને યુગલ સરકારનાં શ્રીવિગ્રહમાં અનેક લોકોને લલાટ પર પ્રસવેદની ઝાંખી થઈ. આ રીતે ઉત્સવનો લાભ લઈ શ્રી હનુમાન જયંતિ સુધી ચિત્રકુટની પાવનભૂમિમાં રહેવાનો અમૂલ્ય અવસર મળ્યો. આટલી વિશાળ માનવ મેદનીમાં ધામધૂમથી સાધુ – સંતો માટે ભંડારા તેમજ સર્વે માટે શરબતની વ્યવસ્થા વિપુલ પ્રમાણમાં ચાલુ જ હતી. ઘણીવાર ભગવાન સ્વહસ્તે શરબત પીવરાવતા તેમજ પીરસવા પણ નીકળતા. જો કે દર રહેતો. આ દિવસોમાં સમુહ યજ્ઞોપવિતનાં પ્રસંગમાં ભાઈ મહેશને પણ ભગવાને જનોઈ આપી. ચિત્રકુટનાં નિવાસ સમય દરમ્યાન લગભગ રોજ શ્રી કામદગિરિની પરિક્રમા કરતી. યાંના ક્ષેત્રિય ઘણાં ભાવિકજનો તો દંડવત પરિક્રમા કરતા હોય છે. ભગવાન સાથે સ્ફટીક શીલા

# વેકેશન પછી વધતી જતી વાલીઓની વ્યથા

આજકાલ મોટા ભાગના મા–બાપ એવું કહેતા હોય છે કે કોમ્પીટીશનનો સમય છે. જો બાળકને દોડાવીશું નહિં તો પાછળ રહી જશે પણ સાહેબ કોમ્પીટીશન થાય કયારે કમ્પેરીઝન થાય ત્યારે તો આપણે કોમ્પીટીશનમાં બાળકને ઉભુ જ ના રાખીએ તો, જેણે હરિફાઈમાં ભાગ લીધો હોય તેને સ્પર્ધાના નિયમોને સમયમર્યાદામાં બીજા કરતા વધુ સારુ સાબિત થવું પડે પણ જે હરિફાઈમાં છે જ નહીં એને કોઈ ચિંતા ન થી કે નથી મર્યાદા એ તો ગમે ત્યારે સફળતા પામી શકે છે.

તો બાળકને કોમ્પીટીશન બીજા સાથે નહિ, પોતાની સાથે કરતા ના શીખવી શકાય કે આજે તે આટલુ સારૂ કર્યુ તો આવતીકાલે તું એનાથી ક્ષમતાઓ વિકસાવશે અને પોતાની મર્યાદાઓ ઓળખી શકશે અને સભાન થઈ તેને દુર પણ કરી શકશે અને આ વાત માત્ર એકેડેમી સફળતા માટે નહિં, જીવનમાં સારા માણસ બનાવામાં સફળ થવું પણ જરૂરી છે. એક સારા સમાજ માટે કે એક સારા દેશ માટે પરંતુ આપણે કોમ્પીટીશનના નામે બાળકનું બાળપણ છીનવી લીધુ છે. સ્કૂલ, ટયુશન, કોમ્પ્યુટર, સ્કેટીંગ, ડાન્સીંગ, સ્વીમીંગ વગેરે વગેરે એટલે પેલું બિચારુ નવરુ જ ના પડે, અને આમા બાળકને રસ છે કે નહિં એની બહુ દરકાર કરવાની નહી. કોમ્પીટીશન છે શીખવું જ પડે.

આમાં છે ને બાવાના બે'ય બગડે, મગજમાં એટલા લોચા થઈ જાય કે બાળક કોઈ જગ્યાએ એકાગ્રતા ના કેળવી શકે સાહેબ ગણિત ભણાવે ત્યારે અને સ્વીમીંગમાં સ્ટેપ મગજમાં ઘૂમતા



**અનુભૂતિનાં અક્ષરો**


- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ


હોય અને આ બધુ કરતા કરતાંય પાછુ રીઝલ્ટ તો એકદમ અવ્વલ જ હોવું જોઈએ હો...

અરે ! સાહેબ જરા એની ઉંમરમાં આપણે હતા ત્યારે આપણને કેટલુ અને શું આવડતુતુ, જરા ફલેશ–બેકમાં જઈને જોવો તો ખબર પડે ! બાળક ફુલ છે તમારા બગીચાનું એને પાણીને ખાતર આપો પણ ખીલવા દયો એની જાતે, માળી બનો એ ફુલના માલિક નહીં. તમારી અપેક્ષાઓના બોજથી જ એના ખભા નમી જશે તો એના પોતાના અરમાનો કયાં મુકશે. એટલું બધુ લેગેજના આપો કે મંજિલે પહોંચ્યા પહેલા જ થાકીને મુસાફરી અધુરી છોડી દે.

કોમ્પીટીશનનું નામ લઈ બાળકનું બાળપણ ના છીનવો એને એના સપના ઓળખવા છે ને એને પુરા કરવા માટેની હિંમત આપો. તમારૂ બાળક કોઈ રેસનો ઘોડો નથી તો એના પર દાવ લગાવો, જીવતુ–જાગતુ વ્યકિતત્વ છે એના માર્ગદર્શક બનો પણ માર્ગ એને જાતે નકકી કરવા દો.

અને જો બાળકની સફળતામાં મા–બાપની શાબાશી હોય ને તો નિષ્ફળતામાં પણ મા–બાપની ભાગીદારી હોવી જોઈએ. નિષ્ફળતામાં એને તોડી કે ઉતારી પાડવાને બદલે એ પૂરી તાકાત સાથે ઉભો થઈને મેદાનમાં ઉતરી શકે એવો સથવારો બનો.

બાળક માટે ઉદાહરણ બનો એના જીવનનું ભારણ નહી, બાળકના વિશિષ્ટ કૌશલ્યોને ઓળખી તેને કેળવવામાં મદદરૂપ બનો. તેની વિશિષ્ટતાનો વિરોધ કરી તેની પ્રતિભાને ઉગતા પહેલા જ દબાવી દેવાનો અપરાધ ના કરો એ બાળકના મનમાંથી તમારો આદર ઓછો થાય તેમ ના કરો જેમણે પોતાના સપના જાતે નકકી કર્યાને એમાંથી જ કોઈ ધીરૂભાઈ અંબાણી, નરેન્દ્ર મોદી, અદાણી કે પટેલ જેવા રતન બન્યા છે.

# મનની મલમપટ્ટી

ભૌતિકતાના વધારા સાથે દ્વેષરોગનો વધારો થઈ રહ્યોં છે.આપણે ત્યાં સાંપ્રત સમયમાં શરીરની આધી, વ્યાધી અને ઉપાધિઓમાંથી વ્યાધિ વધી અને તેનાથી ઉપાધીઓ નોતરી. આધી હોય ત્યાં સુધી બરાબર છે અને વ્યાધિ અને ઉપાધિ બંને એકબીજાના પોષક બને છે.

આપણી પાસે જે છે એનો ઉપયોગ કરીને સુખ મેળ વવાનું આપણે ચુકી જઈએ છીએ. જે નથી અથવા જે બીજાની પાસે છે તે આપણી પાસે નથી તેની સતત વેદનાંથી મનો કુષ્ટરોગ દાખલ કરીને આફતમાં ખાબકીએ છીએ. આવી ઉપાધીઓ મનમાંથી જન્મે છે. મનની ચંચળતા જેટલી વધારે પ્રમાણમાં પાતળી હશે એટલી ઉપાધિઓ ઘાતક બનશે, દુઃખ આપશે તે સ્વાભાવિક છે. કોઈપણ રોગનો પ્રારંભ આખરે મનથી થાય અને એટલે જ કહેવાય છે કે 'મનચંગા તો કથરોટમે ગંગા'. એવા તબીબોનો તમે અનુભવ કર્યો હશે કે જે દર્દીમાં આત્મવિાસ અંકુરિત કરે પછી તે દર્દી દવાખાનાંના પગથિયાં ઉતરે ત્યાં અડધો સાજો થઈ ગયો હોય ! તેનું કારણ તેના મનમાંથી ભયને દૂર કરી અભયનો આશીર્વાદ આપવો છે. આપણે ત્યાં હવે સંદેશા વ્યવહાર અને માધ્યમો વ્યાપને કારણે કોઈની મનોસ્થિત તંદુરસ્ત રહી નથી. દરેક માણસ મનથી કોઈને કોઈ રીતે દુઃખી જણાય છે, કારણ કે જયાં સુધી આપણે જે નથી તેને મેળવવાં પ્રયત્ન કરીએ, કોઈ દાખડો કરીએ, પ્રવૃત્તિ કરીએ ત્યાં સુધી વાત બરાબર છે.પણ પદ, પ્રતિષ્ઠા,સ્ત્રી, ધન કે જે બધું આપણા વૈદોક્ત વચનો મુજબ અતિલોલુપતા વિનાશનું કારણ બને છે. તે મુજબ મોટા ભાગનાં લોકો જે વસ્તુ, સ્થિતિ બીજા પાસે છે એનાથી સતત તેના મનને વ્યગ્ર રાખે. તેનો દ્વેષ કરી તેને પ્રાપ્ત સુખથી તેને વંચિત કરવાં યત્ન કરે. તે તેનું કંઈ બગાડી કદાચ ન શકે પણ પોતાના પગ પર કુહાડા મારી રહ્યોં છે.

મન રોગોને ખેંચી લાવે છે, હૃદય,માંસપેશીઓના રોગો કે જેનો ઈલાજ અઘરો છે તેના દરવાજા પર દસ્તક દઈએ ત્યાં સુધી સૌ કોઈ જાગતા નથી.

આવો,'સવ સુખિનઃ સન્તુ'ના મંત્રને સાથે રાખી જીવવાની કળા શીખી લઈએ.




તખુભાઈ સાંડસુર


ખેડૂત કહાની

# સાધારણ પરિવારનાં દિનેશ પટેલની અસાધારણ પ્રવૃત્તિ

'દ્રષ્ટિવાન' દિનેશ પટેલની 'દ્રષ્ટિ'થી હજારો લોકોની ' આંખો' બચાવી.

ચક્ષુદાનનો ફોન આવે એટલે ડો. દિનેશ પટેલ અડધી રાતે દોડે છે. છેલ્લા ૨૫ વર્ષથી આ કાર્ય તેઓએ શરૂ કર્યુ છે. એકદમ સાધારણ પરિવારમાં જન્મેલા દિનેશ પટેલનું મુળ વતન અમરેલી જિલ્લાનું વિરપુર ગામ હતુ. આજે તેઓ સુરતમાં રહે છે અને લોકોમાં 'ચક્ષુદાન' કરવાની હંમેશા પ્રેરણા આપતા રહે છે. આજે તેઓ લોક દ્રષ્ટિ ચક્ષુ બેંક સાથે જોડાય ને કામ કરી રહયા છે. એક સામાન્ય મિલ મજુર ના પુત્ર દિનેશભાઈ આજે હજારો લોકોમાં પોતાનો સમય આપી 'ચક્ષુદાન'નો પ્રચાર–પ્રસાર કરતા રહે છે તેમની ટીમ દ્વારા આજદિન સુધીમાં ૭૫ હજાર વ્યકિતને નેત્ર પ્રત્યારોપણ દ્વારા દ્રષ્ટિ આપી છે. 'નેત્રદાન' પ્રવૃતિ આજે સમગ્ર વિશ્વમાં જાણીતી બની છે.

આ વાતની નોંધ 'લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'માં નોંધાઈ છે. જમ્મુ કશ્મીર 'પૂછ' સૈનિકોનું આંખોનું રક્ષણ કરે તેવા ૫૦૦૦ જોડી ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

દિનેશભાઈ તેમના અનુભવો વાગોળતા કહે છે કે એક ઘરમાં બે બહેનો 'અંધ' હતી. તેમાંથી એક બહેનને આંખ દાનમાંથી પ્રાપ્ત કરી તેણીનું આંખનું પ્રત્યારોપણ કરી



દ્રષ્ટિવાન બનાવી, બીજી ઘટના ત્રણ બહેનોનો એકમાત્ર ભાઈ બાથરૂમમાં એસિડ માંથે પડતા બંને આંખો ગુમાવી તેનું પણ આંખનું પ્રત્યારોપણ કરી નવી જિંદગી આપી.

ત્રીજી ઘટના એક પરિવારમાં પિતાજી સાથે રહેતી દિકરી 'પ્રજ્ઞાચક્ષુ' હતા. તેને આંખનું પ્રત્યારોપણ કરી જીવનમાં અંધકારને દુર કર્યો હતો.

આ પ્રવૃતિ તેઓ 'લોકદ્રષ્ટિ ચેરિટેબલ ટ્રસ્ટ' સુરત સાથે રહીને કરે છે. સૌરાષ્ટ્રના અને અન્ય ૧૫૧ ગામોમાં નિઃશુલ્ક 'નિદાન કેમ્પ' થઈ ચૂકયા છે. આ કામમાં હંમેશા તત્પર રહેતા ડો. પ્રફુલભાઈ શિરોયા, દિનેશભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા થઈ રહયું છે.

તેઓ કહે છે કે આ પ્રવૃતિમાં મારા સાથી મિત્રોનો સહયોગ તેમજ અન્ય ઉદ્યોગપતિનો સહયોગ મળતો રહે છે. અન્ય લોકો પોતાના આંખના રક્ષણ માટે 'લોકદ્રષ્ટિ ચેરિટેબલ ટ્રસ્ટ–સુરત'નો સંપર્ક કરી શકે છે.

આજે લાઠી– લીલીયા –બાબરા પંથકના ગામોમાં છેલ્લા ૯ માસથી 'નેત્ર રક્ષા અભિયાન'ની પ્રવૃતિ ચાલે છે. જેમાં આજ દિન સુધીમાં ૨૦૦૦ લોકએ લાભ લીધો છે. તેમજ ૪ વ્યકિતને આંખનું પ્રત્યારોપણ થયું છે.


**અહેવાલ : હરેશ બોરસાણિયા – મતિરાળા.**

### રાજકીય આગેવાનોની મુલાકાત વચ્ચે

# સાવરકુંડલા ખાતે કોમી એખલાસ સાથે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

## વિજેતા ટીમ અને ખેલાડીને પ્રોત્સાહિત કરાયા





સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા ખાતે કોમી એખલાસના ભાવથી નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન હિન્દુ મુસ્લિમ યુવાનોએ કરીને એકતા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ નામ આપીને રાજકીય માંધાતાઓના શુભાષીશ વચ્ચે ૨૧ દિવસ સુધી દિલધડક મેચો રમાઈને ફાઈનલમાં સાવરકુંડલાની સરે એ ઈલેવનનો ભવ્ય વિજય થયેલો હતો ને રન્સઅપ વિજેતા સરે બી ટીમ રહી હતી ને કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાથી લઈને દિલીપભાઈ સંઘાણી, કાર્યદક્ષ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયા ઉદ્દઘાટન મેચોમાં પધારીને નાઈટ ટુર્નામેન્ટને ચાર ચાંદ લગાવ્યા હતા. ત્યારે ફાઈનલ મેચમાં અમરેલી જિલ્લાનો લોકપ્રિય ચહેરો બનેલા યુવા નેતા અને વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરિયાની વિશેષ ઉપસ્થિતી વચ્ચે નાઈટ મેચ રમીને કૌશિક વેકરિયાએ ક્રિકેટરોને દિલ જીતી લીધા હતા. શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત કે.કે હાઈસ્કૂલના પટાંગણમાં અકલ્પનીય દર્શકો વચ્ચે જામેલી ફાઈનલ મેચમાં સરે અ ઈલેવનના શાહિદ ઝખરાએ ફાફડી બેટિંગ કરી ને બોલીંગમાં પણ શાનદાર પ્રદર્શન કરતા મેન ઓફ ધ મેચ અને મેન ઓફ સિરીઝના બંને ખિતાબ જીતી લીધા હતા ને ફાઈનલ વિજેતાને આયોજકો અને પત્રકાર ફારૂક કાદરીના હસ્તે ફાઈનલ ટ્રોફી અને રોકડ કપ્તાન ફઝલબાપુ કાદરીને એનાયત કરવામાં આવેલ હતી. જયારે રન્સઅપ થયેલ સરે બી ઈલેવનના કપ્તાન રમીઝ મલેકને મહેબૂબ કાદરી, ઈરફાન કુરેશીએ એનાયત કરી હતી સમગ્ર ક્રિકેટ ટુર્નામેન્ટમાં નૂતન કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી જયંતિભાઈ વાટલીયા, ગેડીયા સહિત ટ્રસ્ટી મંડળ ના સુંદર સહયોગને કારણે મેદાન મળેલ હતું. જયારે ભાજપ કોંગ્રેસના નેતાઓ અને સમાજના અગ્રણી આગેવાનોની આયોજકો પ્રત્યેની હૂંફને કારણે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજક નેશાદ કાદરી, ફઝલબાપુ કાદરી, રમીઝ મલેક, મહેબૂબ કાદરી, ઈરફાન કુરેશી, હરિભાઈ વીંછીયા, અકીલ મકવાણા, આસિફ (મલ્લીક), મોહસીન ગોરી, સરજુ જમાદાર, શકીલ ઝાંખરા, ઈનુસ ટી.ટી., જયારે સહાયક આયોજકો યુનુસ ભટ્ટી, મુનીર કાદરી, મુસ્તુફા કાદરી, મોહસીન કાદરી, ફરહાન કાદરી, સાથે કોમેન્ટર મનું રાજા, તેજસ રાઠોડ, અરમાન પઠાણની સુંદર સેવાઓને આભારી હતી જયારે વિશેષ આભાર આયોજકોએ પત્રકાર ફારૂક કાદરીની જહેમત થકી આખી નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ ઉડીને આંખે વળગે તેવી કરી બતાવી હતી ને સુખરૂપ સંપન થયેલ હતી.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી ખાતે સિટી સિવિક સેન્ટરનો**

પણ સિટી સિવિક સેન્ટર્સનું ઈ–લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.

અમરેલી ખાતે ઈ–લોકાર્પિત સિટી સિવિક સેન્ટર (નાગરિક સુવિધા કેન્દ્ર)થી શહેરના નાગરિકોને વિવિધ સેવાનો લાભ ઘર આંગણે સિટી સિવિક સેન્ટર ખાતે મળી રહેશે. શિવાજી ચોક, જેસીંગપરા વોટર વર્કસ અમરેલી ખાતે આ સેન્ટરનો પ્રારંભ થયો હતો. મહત્વનું છે કે, આ કેન્દ્ર ખાતે નાગરિકોને મિલકત વેરો, વ્યવસાયિક કર, વાહન કર, મકાનના નકશાની મંજૂરી, બિલ્ડીંગ પ્લાનની મંજૂરી, ગુમાસ્તાધારા નોંધણી, આરોગ્ય અંગેના લાયસન્સ, લારી ફેરિયા અંગેના લાયસન્સ, હોલ બુકિંગ, કર વિભાગની અરજીની સ્વીકૃતિ, સ્વીમીંગ પુલ અને જીમની ફી સ્વીકૃતિ જેવી વિવિધ સેવાનો લાભ સ્થાનિક સ્તરે મળી રહેશે.

સીટી સિવિક સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને ઘર આંગણે ત્વરિત, સુમેળભરી રીતે અને પારદર્શિતા સાથે ઈ–ગવર્નન્સની સેવાઓ પહોંચાડવાનો છે. આધુનિક ટેકનોલોજી અને પ્રગતિશીલ અભિગમથી વધુમાં વધુ લોકોને શ્રેષ્ઠ સુવિધાઓ આપવાની રાજય સરકારની આ પહેલ છે. સરકારની તમામ ઈ–સુવિધાઓ માટે સીટી સિવિક સેન્ટર 'વન સ્ટોપ સોલ્યુશન' છે. જે નાગરિકોની સેવાઓ માટે હંમેશા તત્પર છે. આ કાર્યક્રમનું સંચાલન દિપક ગળથીયાએ કર્યુ હતું. કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ મનિષાબેન રામાણી, નગરપાલિકા અમરેલી કારોબારી સમિતિ ચેરમેન સુરેશભાઈ શેખવા, નગરપાલિકા પ્રાદેશિક કમિશ્નર, ભાવનગર પી.જે. ભગદેવ, નગરપાલિકા ચીફ ઓફીસર એચ.કે. પટેલ સહિતના પધાધિકારી–અધિકારીઓ, કર્મચારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**અમરેલી : ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ :** અમરેલી નિવાસી સ્વ. ચંદ્રિકાબેન (ઉ.વ. ૬૪) જે બિપીનચંદ્ર ગૌરીશંકર જોષીનાં પત્નિ, તે ઘનશ્યાભાઈ તથા પ્રકાશભાઈનાં ભાભી, મયંકભાઈ તથા કેયુરભાઈના માતુશ્રી તેમજ દેવેન્દ્રભાઈ, મહેશભાઈ, કિર્તીભાઈ, નિતિનભાઈ રતિલાલ જોષીનાં બહેનનું તા. ૧૦/૬/૨૩નાં રોજ અવસાન થયેલ છે.

સદગતનું બેસણું તા. ૧૨/૬/૨૩ને સોમવારનાં રોજ સાંજે ૪ થી ૬ આર.કે. હોલ, કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**વીજપડી :** રસિકભાઈ મોહનલાલ નગદીયા તે સંજયભાઈ, અતુલભાઈનાં પિતાનું અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું ૧૨ જુનને સોમવારનાં રોજ લોહાણા સમાજની વાડી ખાતે ૪ થી ૫ રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૪૦ | ૧૪૨૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૪૪૬ |
| ૩ | શિંગદાણા | ૧૪૯૦ | ૧૮૩૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૭૪૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૬૦ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૨૮૬૯ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૨૦ | ૩૦૫૦ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૪૨૨ |
| ૯ | જુવાર | ૫૫૫ | ૯૭૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૪૮૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૮૨ | ૪૭૮ |
| ૧૨ | મગ | ૧૩૧૦ | ૧૮૦૭ |
| ૧૩ | ચણા | ૬૫૫ | ૯૭૫ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૭૫૧ |
| ૧૫ | કપાસ | ૯૮૦ | ૧૪૯૬ |
| ૧૬ | એરંડા | ૯૫૦ | ૧૦૮૩ |
| ૧૭ | રાય | ૮૦૦ | ૧૦૧૦ |
| ૧૮ | ધાણા | ૮૭૦ | ૧૦૧૫ |
| ૧૯ | અજમા | ૧૯૦૦ | ૨૬૦૦ |
| ૨૦ | મેથી | ૯૧૨ | ૧૦૧૦ |
| ૨૧ | સોયાબીન | ૮૫૫ | ૯૩૯ |

# ઉના પંથકમાં બિપરજોય વાવાઝોડાને લઇને એલર્ટ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૧૦

ઉના શહેરમાં તેમજ આસપાસના બંદરો પર બિપરજોય વાવાઝોડુ ત્રાટકે તે પહેલા જ તંત્ર દ્વારા જાહેરાતોના બેનરો દુર કરાયા.

ગુજરાત રાજયમાં હવામાન વિભાગની બિપરજોય નામના વાવાઝોડાની આગાહીને લઈને નવાબંદર તથા સૈયદ રાજપરા સહિતના બંદરો આસપાસના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે અને ભયજનક સિગ્નલ પણ લગાવી દેવામાં આવ્યા છે ત્યારે ઉના શહેરમાં વાવાઝોડામાં ક્ષતિગ્રસ્ત થઈ અડચણ ઉભી ન થાય તે માટે તંત્ર દ્વારા જોખમીરૂપ બેનરો તાત્કાલીક ધોરણે દુર કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ઉનાના બસ સ્ટેશનમાં ક્રેનની મદદથી કુલ નવ જેટલા બેનરો દુર કરવામાં આવ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું **ભાકોદર ગામની કંપનીમાંથી**

તા. ૧૪/૫/૨૩ દરમિયાન કંપનીના ઈન્સ્યુકેન્ટ કેબલ વાયર ૫૫–૫૫ મીટરના ૩ બંડલ કુલ ૧૬૫ મીટર કિંમત રૂા. ૬૦,૦૦૦ના કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયેલ હોય. જે અંગે બ્લેક એન્ડ વીચ કંપનીની અંદરમાં કામ કરતી સ્કાય વેવજ સિકયુરીટી પ્રા.લી.નાં ફીલ્ડ ઓફિસર મેહુલસિંહ પ્રતાપસિંહ સોઢા (ઉ.વ. ૨૭) રહે. ભાકોદર, કંપની કોલોની, તા. જાફરાબાદ, જિ. અમરેલીનાઓએ આ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરિયાદ આપતા જાફરાબાદ મરી પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૭૯ મુજબનો ગુન્હો રજી. થયેલ.

જે અન્વયે અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલસીબી ટીમ ધ્વારા ઉપરોકત ગુના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને ગઈકાલ તા. ૯/૬/૨૩નાં રોજ જાફરાબાદ તાલુકા વિસ્તારમાં કોમ્બીંગ નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામના બસ સ્ટેન્ડ પાસેથી બે ઈસમોને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ કેબલ વાયર પૈકીનો કેબલ વાયર મળી આવતા, પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતા તેઓએ ઉપરોકત ગુનાની કબુલાત આપતા તેઓને ચોરીના મુદામાલ સાથે આગળની કાર્યવાહી થવા જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.બી. ગોહિલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.ડી. સરવૈયા તથા અમરેલી એલસીબીના એએસઆઈ બહાદુરભાઈ વાળા તથા પોલીસ કોન્સ્ટેબલ વિનુભાઈ બારૈયા, યુવરાજસિંહ વાળા, લીલેશભાઈ બાબરીયા, તુષારભાઈ પાંચાણી ધ્વારા કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **દોલતી ગામે ગુજસીટોકનાં**

કે જે હાલ પેરોલ જમ્પ હોય તેઓએ સહ આરોપીઓએ આ દેવાયતભાઈનાં રહેણાંક મકવાને જઈ મકાનનાં દરવાજે આગ ચાંપી તથા સીસીટીવી કેમેરા તોડી નાખી નુકસાન કરેલ તથા અન્ય લોકોનાં રહેણાંકનાં દરવાજે તિક્ષ્ણ હથિયારનાં ઘા મારી નુકસાન કર્યાની ફરિયાદ સાવરકુંડલા તાલુકા પોલીસમાં નોંધાઈ છે. આ બનાવ અંગે સાવરકુંડલા રૂરલ પીએસઆઈ વાય.પી. ગોહિલ તપાસ ચલાવે છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૮૦ | ૧૫૧૦ |
| ૨ | મગફળી | ૧૨૭૬ | ૧૩૪૪ |
| ૩ | તલ સફેદ | ૨૪૫૫ | ૨૭૧૫ |
| ૪ | ઘઉં | ૪૦૨ | ૪૫૮ |
| ૫ | ચણા | ૮૮૫ | ૯૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૫૧ | ૧૫૮૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૮૧ |
| ૩ | શીંગદાણા | ૧૬૫૧ | ૨૦૦૧ |
| ૪ | તલ પીળા | ૧૬૦૦ | ૨૯૬૨ |
| ૫ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૫૦ |
| ૬ | તલ કાળા | ૨૪૦૦ | ૨૮૪૬ |
| ૭ | જીરૂ | ૮૧૦૦ | ૮૭૫૦ |
| ૮ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૫૨ |
| ૧૧ | બાજરો | ૩૭૫ | ૪૩૨ |
| ૧૨ | જુવાર | ૪૫૧ | ૯૬૦ |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૭૨૭ |
| ૧૪ | અડદ | ૧૫૯૦ | ૧૬૯૦ |
| ૧૫ | ચણા | ૮૮૫ | ૯૫૭ |
| ૧૬ | તુવેર | ૧૫૦૦ | ૧૬૫૧ |
| ૧૭ | એરંડી | ૧૦૧૦ | ૧૧૧૫ |
| ૧૮ | ધાણા | ૯૫૦ | ૧૦૩૭ |
| ૧૯ | સોયાબીન | ૯૨૦ | ૯૫૯ |

# બાબરામાં માર્કેટિંગ યાર્ડ ખાતે લાઠી વિધાનસભા વિસ્તારના લાભાર્થીઓનું સંમેલન યોજાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૦

બાબરા, દામનગર, લાઠી વિધાનસભા વિસ્તારના લાભાર્થી સંમેલનમાં બાબરા માર્કેટિંગ યાર્ડ ખાતે પૂર્વ કેન્દ્રીય મંત્રી સંતોષી ગંગવાર, અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા અને ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, મેહુલભાઈ ધોરાજીયા અને અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાની ઉપસ્થિતિમાં આજે બાબરા માર્કેટિંગ ખાતે ભવ્ય લાભાર્થી સંમેલન રાખવામાં આવ્યું હતું.

ખૂબ મોટી સંખ્યામાં લાભાર્થીઓ બાબરા, લાઠી, દામનગર વિસ્તારના લોકો અને કાર્યકર્તાઓ જોડાયા હતા અને કેન્દ્રીય સરકારના નવ વર્ષ પૂર્ણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળના ૯ વર્ષ પૂર્ણ થયા તે અનુસંધાને આજે સરકારના લાભાર્થ જે લોકોએ લાભ લીધો છે એમના વિશે ખૂબ માર્ગદર્શન આપીને લોકોને અને તમામ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### સ્વચ્છતા ત્યાં પ્રભુતા ઉક્તિને સાર્થક કરવા

# સાવરકુંડલા તાલુકા પંચાયત ખાતે ગ્રામ્ય વિસ્તારની સફાઈ માટે મીની ટ્રેકટરની ફાળવણી

## સાસંદ ધારાસભ્ય સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં





અમરેલી તા. ૧૦

સાવરકુંડલા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકાકક્ષાના ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટમાંથી ખરીદી કરેલ અને ગ્રામ પંચાયતની સુવિધા માટે સ્વચ્છતા અભિયાય જળવાય રહે.ગામડામાં ગ્રામ પંચાયત દ્વારા હોમ ટુ હોમ ઘનકચરા કલેકશન માટે ટ્રેકટર અને મિની ટ્રેકટર જનસેવા માટે સાવરકુંડલા તાલુકાની ગ્રામ પંચાયતને આ યોજના અંતર્ગત ફાળવણી કરવા આવેલ હતી.

ચરખડિયા, કરજાળા, જૂનાસાવર, મઢડા, વિજપડી, વંડા, આંબરડી અને ઘોબા ગામને ટ્રેકટર અને મિની ટ્રેકટર મળતાની સાથે ગ્રામ પંચાયતને સ્વચ્છતા અભિયાનને વેગ મળશે.

આ કાર્યક્રમમાં સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, તાલુકા વિકાસ અધિકારી તથા પંચાયતના વિવિધ અધિકારીઓ, જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ લલિતભાઈ બાળધા, વિજયભાઈ ચાવડા, તેમજ કારોબારી ચેરમેન તાલુકા પંચાયત વિવિધ સમિતિનાં ચેરમેન, તાલુકા પંચાયત સદસ્યો સાવરકુંડલા તાલુકા ભાજપ મંડળનાં તમામ પદાધિકારીઓ તમામ ગ્રામનાં સરપંચ તેમજ ગ્રામ્ય કક્ષાના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

પાના ૧ ઉપરનું ચાલું

**વાવાઝોડાની શકયતાને લઈ**

ધરી હતી.

આમ વાવાઝોડાની શકયતાને લઈ વહીવટીતંત્ર સાથે કોસ્ટગાર્ડ પણ એકશન મોડમાં આવી જતાં વાવાઝોડામાં ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે થઈ તમામ તૈયારીઓ હાથ ધરી છે.

તો બીજી બાજુ વાવાઝોડાની શકયતાને લઈ અમરેલી જિલ્લાનાં ફાયર ફાયટરની ટીમોને પણ તૈયાર કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં નાના માચીયાળા બાયપાસ**

તરફ જતાં રોડે મહિન્દ્રા સ્કોર્પીઓ ગાડીનાં ફોરવ્હીલ નંબર જીજે–૧૦–સીજી–૫૦૦૦ કિ.રૂા. ૫ લાખ ભારતીય બનાવટની વિદેશી દારૂની મેકડોવલ્સ નંબર–૧, કલેકશન વ્હીસ્કી ઓરીઝનલની ૭૫૦ એમ.એલ.ની કંપની રીંગપેક કાચની બોટલો નંગ–૧૬૯ જેની કિ.રૂા. ૪૮,૮૪૧ તથા રોયલ ચેલેન્જ, ફાઈન રીઝર્વ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની કંપની રીંગ પેક કાચની બોટલો નંગ–૯૭ જેની કિંમત રૂા. ૨૬,૮૬૯નાં પ્રોહી. મુદ્દામાલ સાથે હેરાફેરી કરતા ફોરવ્હીલનાં અજાણ્યા ચાલક હાજર મળી આવેલ નહી. જેથી કુલ રૂા. ૫,૭૫,૩૧૦નાં પ્રોહિ. મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે અને અજાણ્યા આરોપી વિરૂધ્ધ પ્રોહિબિશન એકટ, આઈપીસી એકટ તેમજ એમવી એકટ મુજબ ધોરણસર થવા કાર્યવાહી કરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૫ | ૧૨૦૫ |
| ૨ | મગફળી | ૧૨૭૬ | ૧૨૮૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૩૯ |
| ૪ | ચણા | ૯૦૧ | ૯૩૧ |
| ૫ | તુવેર | ૧૮૭૫ | ૧૮૭૫ |
| ૬ | ચલ | ૧૮૦૫ | ૨૬૬૫ |
| ૭ | ધાણા | ૧૦૫૦ | ૧૦૮૦ |
| ૮ | બાજરો | ૩૩૫ | ૩૩૫ |
| ૯ | સોયાબીન | ૯૩૫ | ૯૩૬ |
| ૧૦ | મગ | ૧૫૧૧ | ૧૫૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૬૫ |
| ૨ | ધાણા | ૮૦૦ | ૧૦૦૨ |
| ૩ | ચણા | ૬૪૭ | ૯૫૧ |
| ૪ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૬૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૪૬૦ |
| ૬ | શીંગ ફાડા | ૧૬૧૫ | ૧૬૧૫ |
| ૭ | એરંડા | ૯૬૫ | ૧૦૧૦ |
| ૮ | જુવાર | ૪૯૬ | ૯૪૨ |
| ૯ | સફેદ તલ | ૨૨૦૦ | ૨૭૦૩ |
| ૧૦ | ચણા છોલે | ૨૦૧૨ | ૨૦૧૨ |
| ૧૧ | સોયા | ૮૧૫ | ૯૩૫ |
| ૧૨ | કાળા તલ | ૨૫૪૫ | ૨૫૪૫ |
| ૧૩ | મગફળી | ૧૨૭૨ | ૧૩૪૦ |
| ૧૪ | સફેદ ચણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | શીંગ દાણા | ૨૦૪૦ | ૨૦૪૦ |
| ૧૬ | તુવેર | ૧૪૦૫ | ૧૪૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૨ | ૧૩૭૨ |
| ૨ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૭૮૪ |
| ૩ | તલ કાળા | ૨૨૨૬ | ૨૪૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૯૦ |
| ૫ | બાજરો | ૩૭૫ | ૪૬૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૬ | ૪૬૧ |
| ૭ | જુવાર | ૬૫૧ | ૧૦૭૧ |
| ૮ | મકાઈ | ૪૯૨ | ૪૯૨ |
| ૯ | મગ | ૧૭૩૦ | ૧૭૩૦ |
| ૧૦ | સુર્યમુખી | ૯૦૧ | ૯૦૧ |
| ૧૧ | અડદ | ૧૫૬૧ | ૧૫૬૧ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૯૩૦ |
| ૧૩ | એરંડી | ૮૫૦ | ૮૫૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૫૫ |
| ૧૫ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૬ | સોયાબીન | ૯૩૧ | ૯૩૧ |

### મોદી સરકારના ૯ વર્ષ પૂર્ણ થવાના અવસરે

# લાઠીનાં અકાળા ખાતે સાંસદનાં અધ્યક્ષસ્થાને વિધાનસભા વિસ્તારની ટિફિન બેઠક યોજાઈ

## કાર્યકરો સાથે વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી



અમરેલી, તા. ૧૦

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકાર સફળતાપૂર્વક ૯ વર્ષ પૂર્ણ કરી ચુકી છે ત્યારે સમગ્ર દેશમાં સંગઠનથી લઈ જીલ્લા, મંડલ, શકિત કેન્દ્ર અને બુથ સુધી વિવિધ કાર્યક્રમો યોજાય રહયા છે ત્યારે ગત તા. ૦૮/૦૬/૨૦૨૩ ના રોજ અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના અકાળા ગામે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાના અધ્યક્ષ સ્થાને અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની વિશેષ ઉપસ્થિતીમાં 'ટીફીન બેઠક' યોજાયેલ હતી. આ ટીફીન બેઠકમાં સાંસદ અને ધારાસભ્ય દ્વારા ઉપસ્થિત કાર્યકરો સાથે વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી તેમજ આગામી કાર્યક્રમો અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

આ બેઠકમાં જીલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન જીતુભાઈ ડેર, જીલ્લા પંચાયત સદસ્ય ભરતભાઈ સુતરીયા, હિંમતભાઈ દેત્રોજા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રામભાઈ સાનેપરા, જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ રાજુભાઈ ભુતૈયા, મંત્રી પરેશભાઈ સરવૈયા, લાઠી તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાવલીયા, બાબરા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, લાઠી શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ નાંઢા, લાઠી નગરપાલીકા પ્રમુખ ભરતભાઈ પાડા, દામનગર શહેર ભાજપ પ્રમુખ પ્રિતેશભાઈ નારોલા, મંડલ મહામંત્રીઓ જગદીશભાઈ ખુંટ, દિનેશભાઈ જમોડ, ચેતનભાઈ મકવાણા, સતિષબાપુ ગૌસ્વામી તેમજ વિધાનસભા સીટ હેઠળ આવતા તાલુકા પંચાયત સદસ્યઓ, મંડલ પદાધિકારીઓ, ચુંટાયેલા પ્રતિનિધીઓ, સેલ મોરચાના પદાધિકારીઓ, આગેવાનો અને બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

### વિધાનસભાના નાયબ દંડક વેકરિયાની ઉપસ્થિતિમાં

# અમરેલી ખાતે ૨૧ બાળકીઓનાં સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત પોસ્ટ ખાતા ખોલવામાં આવ્યા

## શુભલક્ષ્મીનગર આંગણવાડી ખાતે કાર્યક્રમ યોજાયો



અમરેલી તા.૧૦

અમરેલી સ્થિત શુભ લક્ષ્મી નગર આંગણવાડી ખાતે સુકન્યા સમૃદ્ધિ યોજના અન્વયે બાળકીઓના પોસ્ટ ખાતા ખોલવાનો કાર્યક્રમ યોજાયો હતો. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતમાં કુલ ૨૧ બાળકીઓના સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત પોસ્ટ ખાતા ખોલવામાં આવ્યા હતા. ભારતીય ટપાલ વિભાગ દ્વારા સુકન્યા સમૃદ્ધિ યોજના અન્વયે ૧૦ વર્ષ સુધીની વય મર્યાદા ધરાવતી દીકરીઓના પોસ્ટ બચત ખાતા ખોલવામાં આવે છે. આ બચત પર આકર્ષક વ્યાજદર પણ મળી રહે છે. આ યોજના અન્વયે ઓછામાં ઓછા રૂ.૨૫૦ થી પોસ્ટ ખાતુ ખોલાવી શકાય છે. બાળકી જયારે ૧૮ વર્ષની ઉંમરે પહોંચે ત્યારે આ પોસ્ટ ખાતામાંથી ઉચ્ચ અભ્યાસ અને ભણતર અર્થે ૫૦ ટકા બચત રકમ ઉપાડવાની સુવિધા પણ છે. ૮૦ સી કલમ અંતર્ગત આવક વેરામાં પણ છૂટ મળે છે.

સુકન્યા સમૃદ્ધિ યોજના થકી 'બેટી બચાવો,બેટી પઢાઓ' અભિયાનને પ્રેરક બળ મળી રહ્યું છે. તા.૧૨ જુનથી તા.૧૪ જુન, ૨૦૨૩ સુધી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે ત્યારે અમરેલીના શુભ લક્ષ્મી નગર સ્થિત આંગણવાડી ખાતે ૩ કન્યા અને ૧ કુમાર સહિત કુલ ચાર બાળકોએ આંગણવાડીમાં પ્રવેશ કરીને તેના બાળ જીવનના નવા આયામમાં પા પા પગલીઓ માંડી હતી. સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત પોસ્ટ ખાતા ખોલવાના કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકાના અધિકારી, પદાધિકારીઓ, પોસ્ટ ઓફીસ અમરેલીના પી.આર.ઓ અને આંગણવાડીના કાર્યકરો તેડાગરો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં આંગણવાડી પ્રવેશોત્સવની ઢોલ નગારા સાથે ભવ્યાતિભવ્ય ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૦

આંગણવાડી કેન્દ્રના ૩૦,૩૮, ૪૫, ૪૯,૫૧ અને ૫૩ તથા ૫૫ આ બધા જ કેન્દ્રોએ સમૂહમાં મળીને આંગણવાડી પ્રવેશોત્સવની ઢોલ નગારાના તાલ સાથે ભવ્યાતિભવ્ય ખુબ સુંદર ઉજવણી કરવામાં આવેલ તેમજ આંગણવાડી પ્રવેશોત્સવ પામેલ બાળકોના વાલીઓને આમંત્રણકાર્ડ આપેલ.

આ ઉજવણીમાં વોર્ડના કાઉન્સિલર શારદાબેન લાડવા, મુખ્ય સેવિકા અરૂલતાબેન જાની સાવરકુંડલા, ૧ પી. એસ.ઈ ઈન્સ્ટ્રક્ટર યાજ્ઞિકભાઈ વ્યાસ સાવરકુંડલા, ૨ પી.એસ.ઈ ઈન્સ્પેકટર કેયુરભાઈ રવૈયા વાલીગણ, કિશોરીઓ ઉપસ્થિત રહેલ અને આંગણવાડી પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ અને વર્કર બહનો અને બાળકોના ઉત્સાહમાં વધારો કરવામાં આવેલ.

# ક્ષમા કરીએ અને પિતા પરમેશ્વર મેળવીએ : સંત રાજીન્દર સિંહજી મહારાજ



જિંદગીમાં આપણને ઘણીવાર પડકારો અને નિરાશાઓનો સામનો કરવો પડે છે. આપણે બધા જીવનમાં કયારેકને કયારેક એવી ઘટનાઓમાંથી પસાર થઈએ છીએ જે આપણને પસંદ નથી હોતી અથવા જેના કારણે આપણને દુઃખ થાય છે. આપણામાંથી પ્રત્યેક વ્યકિતનો કિસ્સો એવી ઘટનાઓથી શરૂ થાય છે. આપણે નહોતા ઈચ્છતા કે તે ઘટના ઘટે. જેવી રીતે કોઈ એક વ્યકિતએ આપણું કોઈ રીતે અનુચિત કર્યુ હોય. એવું પણ થઈ શકે છે કે કદાચ કોઈએ આપણને એવા ખોટા શબ્દ કહયા હોય કે જેનાથી આપણે ભાવનાત્મક રૂપથી દુઃખી થયા હોય અથવા કોઈએ આપણને કંઈક શારીરિક કષ્ટ પહોચાડયું હોય. ઘણીવાર આપણને એવું થાય છે કે કદાચ કોઈએ આપણને દગો આપીને આપણું પદ, સત્તા અને સંપતિ હડપ્પી લીધી હોય. આ બધાનું પરિણામ શું થાય છે? આપણે નિરાશ, દુઃખી અથવા ક્રોધિત થઈ જઈએ છીએ. જયારે કોઈનાં દ્વારા દુખ મળવા પર આપણે ક્રોધિત થઈએ છીએ તો આપણને બે ઘણી તકલીફ સહન કરવી પડે છે.

આવો આપણે જોઈએ કે જયારે આપણે કોઈને ક્ષમા કરતા નથી. ત્યારે આપણી સાથે શું થાય છે ? આવી સ્થિતિમાં આપણે હંમેશા તે ઘટના વિશે વિચારતા રહીએ છીએ અથવા કોઈ બીજાથી પણ તે વાતોને કહયા કરીએ છીએ. થોડાક લોકો જેમને પોતાનાં પર નિયંત્રણ નથી હોતો તે શારીરિક રૂપથી આવા મનુષ્યને તકલીફ પહોંચાડે છે. અથવા પોતાનો ગુસ્સો બીજા કોઈ પણ કાઢે છે.

આવું થવાથી આપણે પોતાની ચારે તરફ નકારાત્મક વાતાવરણ પેદા કરી લઈએ છીએ. આ બધી વાતોનો વિચાર કરવાની જગ્યાએ આપણે આપણું ધ્યાન તે તરફ લગાવીએ કે જે આપણને આધ્યાત્મિક રૂપથી મદદગાર હોય, જેમ કે પિતા પરમેશ્વરને યાદ કરવા, ધ્યાન અભ્યાસ કરવું, નિષ્કામ સેવા કરવી અને આધ્યાત્મિક લાભ પ્રાપ્ત કરવા. આધ્યાત્મિક માર્ગ પર ધ્યાન અભ્યાસમાં સફળતા પોતાનાં મનને સ્થિર કરીને અંતરમાં ધ્યાન ટેકવવા પર નિર્ભર છે. આ બધાથી બચવા માટે આપણે આપણા માટે એક એવો રસ્તો પસંદ કરી શકીએ છીએ જે ચિંતા અને તણાવથી રહિત હોય. મહાપુરૂષોના અનુસાર આ એક એવો રસ્તો છે જેના પર ચાલીને આપણે શાંત રહી શકીએ છીએ અને તે છે આપણી અંદર એક એવો વિચાર રાખવો કે ક્ષમા કરો અને ભુલી જાવ' જયારે આપણે અંદરથી પોતાનાં પ્રત્યે દુર ભાવના રાખવા વાળા લોકો કે દુઃખ પહોંચાડવા વાળા લોકોને ક્ષમા કરીએ છીએ તો આપણે આપણી અંદર એક અસીમ શાંતિનો અનુભવ કરીશું.

આવો આપણે ક્ષમા કરવું અને ભુલી જવું'ની ભાવનાને પોતાનાં માટે સમર્પિત કરીએ. જો આપણે ક્ષમા કરવાની કળા શીખવા માટે સાહસ અને હિંમત રાખીએ તો આપણે આપણું ધ્યાન તે લક્ષ્યો પર લગાવીએ જો આપણે આપણા મનને શાંત કરીશું ત્યારે જ આપણે ધ્યાન અભ્યાસમાં પ્રગતિ કરી શકીશું જેનાથી આપણે પરત પિતા પરમેશ્વરમાં જઈને લીન થઈ શકીએ છીએ.

**સાવન કૃપાલ રૂહાની મિશનની વધુ વિગતો માટે સંપર્ક કરો ૯૮૨૫૪૬૭૧૧૦**
**skrmzn12@gmail.com**

### ૧૨ જૂન :બાળ મજુરી વિરોધ દિવસ

# આજનાં બાળકો આવતીકાલનું ભારત બનાવશે : ચાચા નહેરૂ

## બાળ વંદના એટલે ગોપાલવંદના



વર્ષ ૨૦૦૨માં 'બાળ મજુરી' અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી વિશ્વ મજુર સંગઠન, યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૨ જૂનનો દિવસ બાળમજુરી વિરોધ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. 'બાળમજુરી' એ વર્તમાન સમાજનું કલંક છે. તેનાથી લાખો-કરોડો બાળકોનું બાળપણ છીનવાઈ રહ્યું છે. કોઈપણ બાળકને પુખ્ત થયા પહેલા 'બાળમજુરી'માં ધકેલી દેવાથી તેનો અભ્યાસ, સાધારણ વિકાસ, રમત-ગમત તેમજ મનોરંજનનો અધિકાર છીનવાઈ જાય છે. કેટલાક કિસ્સાઓમાં આવા બાળકો ગુનાખોરી કે વ્યસનની લતે પણ ચડી જતા હોય છે. ભણવાની ઉંમરે બાળકો ઘરકામ, ચાની કીટલી કે હોટલમાં મજુરી, જોખમી ઔદ્યોગિક કામોમાં લાગી જતાં હોય છે. ખેતીકામ, ગૃહઉદ્યોગ, ઢોર ચરાવવા જેવા કામો પણ અનેક બાળકોએ કુમળી વયમાં કરવા પડે છે. આ તમામથી અતિ ગંભીર એવા ભીખ માગવામાં અને કેટલાક કિસ્સાઓમાં ડ્રગ-ટ્રાફિકિંગ માટે પણ બાળકોનો ઉપયોગ થાય છે અને વળી, બાળકીઓના કિસ્સાઓમાં નાની ઉમરમાં વેશ્યા-વૃત્તિ જેવા અતિ નિમ્ન કક્ષાનાં કાર્યો બળજબરીથી કરાવાય છે જે સમાજ માટે કલંક સમાન છે.

'બાળમજૂરી'ને અટકાવવા માટે અનેક નીતિ નિયમો બનાવવમાં આવ્યા છે, પણ હજુ સુધી દેશમાં બાળમજૂરી નાબુત થઈ શકી નથી. બાળમજૂરી વિરોધ દિવસ એ ફકત ઔપચારિકતા ન રહેતા સાર્થક કાર્ય બને તે જોવાનું દરેક જાગૃત નાગરિકનું નૈતિક કર્તવ્ય છે. 'બાળમજૂરી'ને સંપૂર્ણપણે નાબૂદ કરવું જોઈએ, 'બાળમજૂરી' વિરોધનાં કાયદાઓ વધુ કડક બનાવવા જોઈએ, જેથી આ બાળ મજૂરીનો વ્યવસાય ખતમ થઈ શકે.

બાળકોનાં સારા ઉત્તમ ભવિષ્ય માટે શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવું જોઈએ એટલું જ નહીં શિક્ષણ નાનામાં નાના વર્ગનાં લોકોનાં બાળકો સુધી પહોંચે તેવા પ્રયાસો સતત કરવા જોઈએ. જેથી લોકોમાં જાગૃતિ આવશે અને 'બાળમજૂરી' સંપૂર્ણપણે બંધ થશે. બાળકોએ દેશનું ભવિષ્ય છે જો તેમને યોગ્ય શિક્ષણ મળશે તો દેશનું ભવિષ્ય પણ ઉજળું થશે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### સદ્ભાવના બળદ આશ્રમમાં ૭૦૦ થી વધુ બળદોને આશ્રય

# કોઈને બીમાર, નિરાધાર બળદ મળે તો સદ્ભાવના બળદ આશ્રમનો સંપર્ક કરો

## સંસ્થાનાં વિશાળ પરીસરમાં ભવિષ્યમાં ૧૦,૦૦૦ બળદોને પ્રવેશ અપાશે



અમરેલી, તા. ૧૦

સદ્ભાવના બળદ આશ્રમ દ્વારા બળદોની જિંદગી બચાવવા અપીલ કરવામાં આવી છે. બળદનો ઉપયોગ ખેતીવાડીમાં કરી શકાય છે. તેઓ સ્વભાવે શાંત, કામગરા હોય છે.

પ્રાચીન કાળમાં પણ જયારે સાધનોની શોધ થઈનહો. ત્યારે મુસાફરી કરવા તેમજ માલસામાનની હેરફેર કરવા માટે બળદગાડાનો જ ઉપયોગ કરવામાં આવતો હતો. આમ તો બળદ આપણી સંસ્કૃતિનો વારસો કહેવાય. ઈશ્વરની આવી દુર્લભ દેન ગૌ વંશ બળદને સદ્ભાવના વૃધ્ધાશ્રમ જીવનભરનો આશ્રય આપશે. ગુજરાતનાં કોઈપણ ગામ-શહેર, હાઈવે પર બળદ છૂટા, રખડતા, લાચાર-બીમાર કે વયોવૃધ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર જોવા મળે તો તરત જ સદ્ભાવના વૃધ્ધાશ્રમને જાણ કરવા વિનંતી કરવામાં આવી છે.

કોઈ નિરાધાર, નિરાશ્રીત, બીમાર કે રસ્તે રખડતા, કતલખાને જતાં કે ભૂખ-તરસ-બિમારીથી કમોતે મરતા ભવિષ્યમાં ૧૦,૦૦૦ જેટલા બળદોને સદ્ભાવના વૃધ્ધાશ્રમ(રાજકોટ) દ્વારા નિઃશુલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. હાલમાં પણ ૭૦૦ જેટલા બળદોને સદ્ભાવના બળદ આશ્રમ ખાતે આશરો અપાયો છે. જો કોઈ વ્યકિતને આવા કોઈ નિરાધાર બળદ દેખાય તો સંસ્થા દ્વારા ફોન કરીને જાણ કરવાની વિનંતી કરવામાં આવી છે. સદ્ભાવના બળદ આશ્રમ, છતર ગામ, મોરબી હાઈવે, રાજકોટ ખાતે કાર્યરત છે. આપને જો કોઈ નિરાધાર, રસ્તે રઝડતા, બળદો મળે તો સદ્ભાવના બળદ આશ્રમ ટ્રસ્ટ મો. ૭૬૨૧૦ ૫૮૯૪૮ પર ફોન કરીને જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

### વર્ષોથી જવાબદાર વિભાગ કોઈ નિર્ણય કરતો નથી

# સાવરકુંડલામાં વહીવટીતંત્રની નિંભરતાનાં કારણે ધાર્મિક જગ્યા અને પડોશી વચ્ચે વિખવાદ

## સામાન્ય બાબત છતાં પણ કોઈ નિવેડો થતો નથી

સાવરકુંડલા, તા. ૧૦
(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)

સાવરકુંડલામાં આઝાદ ચોક રોડ ઉપર વૈષ્ણવ સંપ્રદાયની શ્રી ગોપાલ લાલજીની હવેલી આવેલ છે. આ હવેલીની અંદર જ અશ્વિનભાઈ કડવાણીનાં રહેણાંકના મકાન આવેલા છે.

હવે તેમનું અને હવેલીનું બન્નેનું હલાણ એક જ છે. હવેલીના ગ્રાઉન્ડમાં જ અશ્વિનભાઈની ડેલી પડે છે અને ત્યારબાદ ડેલીની અંદર ફળિયું છે. જે ૪૦૦ ચો. ફૂટ જેટલો વિસ્તાર છે.

આ વિવાદિત જગ્યા બાબતે ૨૯ વર્ષોથી સામસામા દાવાઓ થઈ રહ્યા છે. જે તે સમયે સિટીસર્વે અધિકારીએ કરેલ ભૂલ ભરેલ માપણીને કારણે આ બન્ને પક્ષોની જમીન એક બીજામાં ચડાવી દીધેલ. ત્યારબાદ આ બાબતે ડેપ્યુટી કલેકટર મહુવાએ ૧૯૯૪માં હુકમ કરી સ્પષ્ટ શબ્દોમાં સિટીસર્વે અધિકારીને આ બન્ને સનદ રદ બાતલ કરી નવેસરથી સ્થળ ઉપર બન્ને પક્ષકારોને હાજર રાખી માપણી કરવા જણાવેલ. પરંતુ નવાઈની વાત એ છે કે ફરી પણ જમીન માપણીની ક્ષેત્રફળની ગણતરી ભૂલ ભરેલ સિટીસર્વે અધિકારીએ દોહરાવી. આ બાબતે અવારનવાર રૂબરૂ રજૂઆત કરવા છતાં પોતાની ભૂલ સ્વીકારી પણ સુધારી નહિ. છેવટે અશ્વિનભાઈએ આ બાબતે કલેકટર અમરેલી સમક્ષ ૨૦૦૨ ની સાલમાં દાદ માગતી ફરિયાદ આપેલ. આજે ૨૧ વરસે પણ આ ફરિયાદ સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી થઈ નથી તેમ અશ્વિનભાઈ જણાવે છે.

આ ઉપરાંત અશ્વિનભાઈ નાં પુત્ર ભાર્ગવ જણાવે છે કે, અમારો આખો પરિવાર પાકો વૈષ્ણવ સંપ્રદાય સાથે કેટલીય પેઢીઓથી સંકળાયેલ છે. ત્યારે કહેવાતા આ વૈષ્ણવ સંપ્રદાયનાં બની બેઠેલા આગેવાનો જયેશ કાણકિયા, કૌશિક સંઘવી, હરેશ કડવાણી, હસુ બંદાએ અમારા પરિવાર ઉપર એમ કહીને કાદવ ઉછાળવાનું કામ કર્યુ છે કે અમે લોકો ઠાકોરજીના દર્શનાર્થીઓ વૈષ્ણવોની સાથે ગેરવર્તન કરીએ છીએ અને દર્શનમાં રૂકાવટ ઊભી કરીએ છીએ. આ તદ્દન કપોળ કલ્પિત વાત છે. સમગ્ર વૈષ્ણવ સંપ્રદાયને એકઠો કરી, જાહેર મિટિંગમાં આ બાબતે તમામની હાજરી વચ્ચે રૂબરૂ અમે આ વાતની સત્યતા સાબિત કરી બતાવવા તૈયાર છીએ. અમારા દાદાજી જીવન પર્યન્ત આ હવેલીની સેવા પૂજા અને સાફ સફાઈ કરતાં. ત્યારે અમે ધાર્મિક સંસ્થાઓને મદદરૂપ થવા અને સેવા કરવા તૈયાર છીએ. ત્યારે સત્યને જાજુ દબાવી કે છુપાવી શકાતું નથી. અંતે સત્ય બહાર આવે જ છે.

### જિલ્લાની પાંચ હોસ્પિટલને પ્રોવિઝનલ સર્ટિ એનાયત

# અમરેલી : જનરલ હોસ્પિટલ દ્વારા ૫૦ થી વધુ બેડ ધરાવતી હોસ્પિટલને પ્રમાણપત્ર એનાયત

## સાવરકુંડલા, રાજુલા શહેરની હોસ્પિટલનો સમાવેશ


અમરેલી તા.૧૦

ગુજરાત કિલનીકલ એસ્ટબ્લીશમેન્ટ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એકટ - ૨૦૨૧ અન્વયે અમરેલી જિલ્લામાં ૫૦થી વધુ બેડ ધરાવતી હોય તેવી હાસ્પિટલની નોંધણી કરાવવી ફરજિયાત છે. જેના અંતર્ગત જનરલ હાસ્પિટલ અમરેલી દ્વારા અમરેલી જિલ્લાની કુલ ૦૫ હાસ્પિટલને ૦૧ વર્ષ માટે પ્રોવિઝનલ સર્ટિફિકેટ આપવામાં આવ્યા છે. આ હાસ્પિટલ માં સબ ડિસ્ટ્રિકટ હાસ્પિટલ રાજુલાને તા.૨૫ એપ્રિલ,૨૦૨૩ થી તા.૨૪ એપ્રિલ, ૨૦૨૪ સુધી, કે. કે. મહેતા સરકારી હોસ્પિટલ સાવરકુંડલાને તા. ૨૫ એપ્રિલ, ૨૦૨૩ થી તા.૨૪ એપ્રિલ ૨૦૨૪ સુધી, નેત્રચિકિત્સા મલ્ટિ સ્પેશીયાલીટી હાસ્પિટલ અમરેલીને તા.૧૦ મે, ૨૦૨૩ થી તા.૦૯ મે, ૨૦૨૪ સુધી, શાંતાબા મેડિકલ કાલેજ એન્ડ જનરલ હોસ્પિટલને તા.૧૦ મે, ૨૦૨૩ થી તા.૦૯ મે, ૨૦૨૪ સુધી, લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિર સાવરકુંડલાને તા.૧૦ મે, ૨૦૨૩ થી તા.૦૯ મે, ૨૦૨૪ સુધીના સમયગાળા માટે આ પ્રમાણપત્ર આપવામાં આવ્યુંછે, તેમ અમરેલી જિલ્લા મુખ્ય તબીબી અધિકારી સહ સિવિલ સર્જનએ એક યાદીમાં જણાવ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા "આયુષ્યમાન કાર્ડ" અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે


ડૉ. પ્રદિપ ધડુક M.S.જનરલ સર્જન

અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે


ડૉ. કાજલ બગડા M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)

- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.

: નોંધ : બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે

## જનતાને સાવચેત રહેવાની સુચના વચ્ચે સિંહોની લટારથી આશ્ચર્ય

# કોવાયામાં વાવાઝોડાની આગાહીનાં માહોલમાં સિંહ પરિવારે દેખા દીધી

**આગામી કલાકોમાં ભારે પવન ફુંકાવા સાથે વરસાદની સંભાવનાં હોય દેશનાં ગૌરવસમાં સિંહોની સલામતીનું ધ્યાન રાખવું જરૂરી**

**કોવાયા ગામ નજીક આવેલ શિવ મંદિરનાં પરિસરમાં સિંહ પરિવાર આરામ ફરમાવતો નજરે ચડયો**

**સિંહોની જાળવણીમાં વન વિભાગની ઉદાસીનતા સામે શિવનો આશરો લેતો સિંહ પરિવાર**

**વન વિભાગે દેશનાં ગૌરવસમા સિંહોને સલામત સ્થળે ખસેડવા કવાયત કરવી જરૂરી**



અમરેલી, તા. ૧૦

ગુજરાતમાં બીપરજોય વાવાઝોડાની દહેશત વચ્ચે ગીરનું ઘરેણું ગણાતો સિંહ પરિવાર રાજુલાના દરિયાકાંઠા નજીક આવેલા અલ્ટ્રાટેક સિમેન્ટ કોવાયાની બાજુમાં આવેલા શિવ મંદિરનાં પરિસરમાં આરામ ફરમાવતો કેમેરામાં કેદ થયેલ હતા. એક તરફ સરકારી તંત્ર વાવાઝોડાની આગાહી વચ્ચે ગામડે ગામડે માઈકમાં સાવચેત રહેવાની જાહેરાત કરી રહ્યો છે. જયારે દેશની આન, બાન અને શાન ગણાતા સિંહો દરિયાકાંઠા નજીક જ વિશ્રામ કરી રહ્યા હોય ને સિંહોની સુરક્ષાની જવાબદારી નિભાવતા વન વિભાગ હજુ કુંભકર્ણની નિંદ્રામાં પોઢયું હોય તેવી પ્રતીતી જોવા મળતા સિંહ પ્રેમીઓમાં સિંહો પ્રત્યે ચિંતાની લાગણીઓ ઉત્પન્ન થયેલ છે. સિંહ પરિવાર દરિયાકાંઠા પાસે વાવાઝોડાની દહેશત વચ્ચે બિંદાસ હોય ને વનતંત્ર શું કરે છે તેવા સવાલો પણ ઉભા થયેલા છે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## દામનગર : દહીંથરા ગામે એલ્યુમીનીયમનાં વાયરની ચોરી કરનાર 3 શખ્સો ઝડપાયા

**અન્ય એક આરોપીની અટકાયત કરાશે**

અમરેલી, તા. ૧૦

દામનગર પોલીસ સ્ટેશન તાબાનાં દહીંથરા ગામે આવેલ વંડામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી એલ્યુમીનયમનાં વાયરની ચોરીની ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે સ્થાનિક પોલીસે મુનાવરખાન યુનુસભાઈ પઠાણ, અલ્પેશભાઈ જીતુભાઈ સોલંકી અને ઈમરાનભાઈ યાસીનભાઈ કુરેશી રે. લાઠીની અટકાયત કરેલ છે અને કરણ ઉર્ફે બાલો ગૌતમભાઈ કાટીયા રે. લાઠીની અટકાયત કરવાની કવાયત શરૂ કરી છે.



આ કામગીરી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારી દ્વારા જરૂરી માર્ગદર્શન હેઠળ દામનગર પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.જી. ગોહિલ તથા અના. એએસઆઈ જયદેવસિંહ ચંદુભા સોલંકી તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કોન્સ્ટેબલ વિક્રમભાઈ પોપટભાઈ રાઠોડ તથા પોલીસ કોન્સ્ટેબલ અજીતદાન ઈશ્વરદાન ગઢવીનાઓ દ્વારા કરવામાં આવેલ છે.

### એસપીની સુચનાથી તાલુકા પોલીસની કામગીરી

## અમરેલીનાં નાના માચીયાળા બાયપાસ માર્ગ પરથી વિદેશી દારૂ ભરેલ સ્કોર્પીયો ઝડપાઇ

**કાર સહિત રૂપિયા ૫.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે થયો**



અમરલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં દારૂ–જુગારની બદી દૂર કરવા આવી પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના પર સફળ રેઈડ કરવા અમરેલીનાં પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જેથી પરીણામલક્ષી કામગીરી કરી આવી ગુન્હાહિત પ્રવૃતિ કરતાં ઈસમોને ઝડપી પાડવા માટે ખાનગી રાહે હકીકત આધારે તાલુકા પોલીસે અમરેલી માચીયાળા બાયપાસ, લાઠી ચોકડી

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલા નજીક આવેલ

## દોલતી ગામે ગુજસીટોકનાં વૃધ્ધ સાક્ષીનાં મકાનનાં દરવાજે આગ ચાંપી દીધી

**અન્ય લોકોનાં દરવાજે હથિયારોનાં ઘા કરી નુકસાન કર્યુ**

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાનાં દોલતી ગામે રહેતા દેવાયતભાઈ વાઘાભાઈ બલદાણીયા નામનાં ૬૪ વર્ષિય વૃધ્ધ તે જ ગામે રહેતા મોહનભાઈ બાલાભાઈ પરડવાએ દોલતી ગામે રહેતા દાદુ ઉર્ફે દાદેશ નાથાભાઈ ચાંદુ વિરૂધ્ધ ગત તા. ૪/૬નાં રોજ ફરિયાદ લખાવેલ. તેના સાક્ષી તરીકે નરસીભાઈ હાદાભાઈ કાછડ સાક્ષી તરીકે હોય તથા દેવાયતભાઈ બલદાણીયા તે જ ગામનાં શૈલેશભાઈ નાથાભાઈ ચાંદુ તથા તેમના ભાઈ દાદાભાઈ નાથાભાઈ ચાંદુ વિરૂધ્ધ ગુજસીટોકનાં ગુન્હામાં સાક્ષી હોય. તેમાં સમાધાન કરાવી લેવાનાં ઈરાદે આરોપી દાદાભાઈ ચાંદુ

અનુસંધાન પાના ૬ ઉપર

### ગુજરાતને જબ્બરો ફાયદો થયો

## પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે મોદી સરકારનાં ૯ વર્ષની ૯ સિધ્ધિ વર્ણવી

**અમરેલી જિલ્લાનાં ૧૧ તાલુકાને નેશનલ હાઈવેની સુવિધા**

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં અગ્રણી કાંતિલાલ સતાસીયાએ તાજેતરમાં મોદી સરકારનાં ૯ વર્ષ પૂર્ણ થતાં ૯ વેધક પ્રશ્નોનો જવાબ માંગેલ. જેના જવાબમાં ભાજપનાં પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે તેનો પરોક્ષ રીતે



જવાબ આપતું ટવીટ કર્યુ છે.

તેઓએ જણાવેલ છે કે, મોદી સરકારનાં ૯ વર્ષનાં શાસનમાં ગુજરાતમાં મુંબઈ–દિલ્હી એકસપ્રેસ, રાજકોટમાં એઈમ્સ, હીરાસ એરપોર્ટ, ગિરનાર–પાવાગઢ રોપવે, સ્ટેચ્યુ ઓફ યુનિટી, અમદાવાદ–મુંબઈ બુલેટ ટ્રેન, સુરતમાં સ્વદેશી મિલેટ્રી ટેન્ડ ફેકટરી, નર્મદા ડેમ, અમરેલી જિલ્લાનાં ૧૧ તાલુકાને નેશનલ હાઈવેની સુવિધા મળી હોવાનું જણાવેલ છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)